[illegible]

કન્યાશાળાઓમાં બક્ષીસ વેહેંચવા લાયક

ગુણવંતી ગોદાવરી.

હિંદુ ઘર સંસાર સ્થિતિનું એક ચિત્ર.

(વાર્તા રૂપી.)

રચનાર

તુળસીબાઈ.

"સ્ત્રી સહબોધરત્ન" ના કર્તા તથા
"ગ્રાંટ મેડીકલ કોલેજના વિદ્યારથી."

પ્રગટ કરનાર

"સ્ત્રી સહબોધરત્ન"ની વ્યવસ્થાપક મંડળી.

સન ૧૮૮૯.

કિંમત રૂ૦-૪-૦

ધી "ગોવર્ધન મુદ્રાલય."
મુંબઇ.

WORTHY OF AWARDING PRIZES
IN GIRLS SCHOOLS.

Gunavati Godavari.

A PICTURE OF HINDU DOMESTIC LIFE.

A NOVEL

BY

TULSIBAI.

Editor "STRI SADBODH RATNA" a monthly Gujarati Magazine, and a student in the Grant Madical College.

Published by

he Managing Committee of the "STRI SADBODH RATNA."

BOMBAY:
1889.

Registered Under Act XXV of 1867)

PRICE ANNAS 4.

PRINTED AT THE GOVARDHAN MUDRALAYA
BOMBAY.

મિસિસ. જસ્ટીસ્ સ્કોટ,

મુંબઇ.

હિંદુસ્તાનમાનાં સ્ત્રીશિક્ષણ વિષે તમારી અત્યુત્તમ લાગણી અને ઘણીજ આસ્થા જોઇને તથા મારા ઉપરની અત્યંત પ્રીતિ ઇત્યાદિ કારણોના સ્મરણાર્થે આ લઘુ ગ્રંથ સન્માન પૂર્વક હું તમોને અર્પણ કરવામાં આનંદ માનું છું.

તુળસીબાઈ.

DEDICATED MOST RESPECTFULLY

TO

MRS. JUSTICE SCOTT.

In token of her warm and invaluable interest in the cause of Female Education in India.

TULSIBAI.

પ્રસ્તાવના.

"ગુણવંતી ગોદાવરી" આ વાર્તા કેટલાક દિવસ પેહેલાં "સ્ત્રી સદબોધ રત્ન" ચોપાનિયામાં પ્રસિદ્ધ કરવામાં આવી હતી. ત્યાર પછી તે એક નાની ચોપડીના આકારમાં છપાવી પ્રગટ કરવા વિષે ઘણા ભાઇઓ તથા બેહેનો તરફથી માંગણી થવાને લીધે અમોએ તે સ્વતંત્ર છપાવીછે. આશા છે કે, તે પ્રમાણે તે લોકોપ્રિય થઇ પડશે અને ગૃહસ્થો કન્યાશાળાઓમાના ઇનામનાં મેલાવડા વખતે આ ગ્રંથને યોગ્ય મદદ આપશે.

કર્તા.

શાર્દૂલવિક્રીડીત.

જેની પ્રેમવતી પ્રતિક્ષણ મતિ રેછે પતિમાં અતિ,
જેની વ્યર્થ ભમી નથી ઘર તજી અન્યસ્થળોમાં ગતિ;
જેણે એક રતિ સતીવ્રત વિષે છે સર્વદા જાળવી,
તે સ્રીને ભવમાં સતીસમ સહુ લોકે સદા જાણવી.

ગુણવંતી ગોદાવરી.

(થોડાજ દિવસની વાત.)

અમદાવાદમાં પાંચ છ વરસ આગમજ મગનલાલ નામનો એક ગૃહસ્થ રહેતો હતો. તે સુશીળ અને વિદ્વાન હતો. તેની એક નાની કાપડની દુકાન હતી. દુકાનદાર ઘણું કરીને સત્યમાર્ગથી ચાલનારા થોડાજ રહેછે; પરંતુ મગનલાલના રીતભાત બીજા દુકાનદાર પ્રમાણે ન હોતી. તેને જે કાંઈ મળે તેમાં પોતાનાં કુટુંબનું ગુજરાન

ચલાવીને પોતાનો કાળ સુખથી ગાળતો હતો. તે જેવો સત્યશીળ હતો, તેવી તેની પત્ની પણ સત્યશીળ હતી. પતીની આજ્ઞા પ્રમાણે ચાલવું, પતીના કહેવા આગમજ તેને શું જોઈએ એ સમજવું, ઘરનો સંસાર વ્યવહાર સારીપેઠે ચલાવવો, છોકરાંઓ. ઉપર પ્રીતિ કરવી, ઇત્યાદિ કામમાં તે ઘણી પ્રવીણ હતી. તેણીનું, નામ ગંગાબાઇ હતું. તેણીને બે છોકરીઓજ થઈ. તે શિવાય તેણીને બીજાં છોકરાં થયાંજ નહિ. સંતાનની બંનેને ઘણી ઇચ્છા હતી, પણ પરમેશ્વર પાસે આપણે એટલુંજ આપ્યું હશે, અને નશિબમાં હશે તો આગળ થશે, એવી પ્રાર્થના કરીને તેઓ પોતાના મનનું સમાધાન કરી

લેતાં. મોટી છોકરીનું નામ ગોદાવરી, અને નાનીનું નામ ચંચળ હતું. ગોદાવરીની ઉમર દશ અગીયાર વર્ષની હતી અને ચંચળ ત્રણ ચાર વર્ષની હતી. ગોદાવરીને સાતમે વર્ષે નિશાળે મુકી હતી, તેથી તેણીને લખતાં વાંચતાં સારીરીતે આવડતું હતું; અને ઘરમાં મા તરફની શિક્ષા સારી હતી. માબાપને ઘેર છોકરીના ઘણા લાડ થાયછે, તેમ ગોદાવરીની માએ લાડ કર્યાં નહિ. અમસ્થું મોટેથી હસવું, બોલવું, અને અમર્યાદાનું ભાષણ કરવું એ ગોદાવરી કોઇ દિવસે જાણતી નહોતી. સુનીતિના અનેક દાખલા ગંગાબાઈએ ગોદાવરીના મનમાં સારી પેઠે ઠસાવી દીધા હતા. ગોદાવરી

રૂપવંતી તો હતીજ, અને વળી આવી સુશીળ નિકળ્યાથી માબાપો પોતાને ભાગ્યવંત સમજી તેથી પુત્ર તુલ્ય સંતોષ માની રહેતાં. તેણીને અગીયારમે વર્ષે મગનલાલ અને ગંગાબાઇના વચમાં તેણીના લગ્નની વાતો નિકળવા લાગી. આવી ગુણ સંપન્ન અને સુંદર કન્યાને કીયો વર જોવો એ બાબતનો તેમને મોટો વિચાર થઇ પડયો તેઓએ ઘણાં સ્થળ જોયાં, પણ કાંઇ ને કાંઇ તેમાં ખામી નિકળેજ, ઘરની સ્થિતિ સારી હોય તો છોકરોજ સારો નહોય, છોકરો સારો હોય તો ઘરની સ્થિતિ સારી નહોય. શિવાય વર જોવો તો પોતાની સ્થિતિનેમળતો જોઇએ. આ સઘળું મળે

તો જોશી બાવાના ટિપણાનો મેળ મળે નહિ, એમ થવા લાગ્યું.

મગનલાલ એ પ્રકારે લગ્નની ખટપટમાં ગુંથાયા હતા, તે વખને તેમની ઉપર એકાએક એક મોટું સંકટ આવ્યું. તે એ કે, તેમનું ઘર એક સાંકડી ગલ્લીમાં હતું. , રાત પડે એટલે ત્યાં લોકો ઘણું કરીને આવજાવ કરતાં નહિ. એક દિવસે રાત્રે બરોબર બાર વાગ્યાના અમલમાં ચોતરફ જળજંપી ગયેલું જોઈને, કેટલાંક ચોરો ભિંતે નિસરણી મુકીને અંદર ઉતરી પડયા; અને કોઇને જાણ થવા ન દેતાં એક ઓરડીની ભિંત ફાડીને તેમાં એક પેટી હતી તે તેઓ લેઇ ગયા. તેમાં

ગંગાબાઇના શરીરપરના દાગિના હતા, અને ચારશે પાંચશે રૂપીઆ રોકડાં હતાં. એકંદર હજાર દોઢ હજાર રૂપીઆનો માલ ગયો. આ ઓરડોમ. કોઈ સુઈ રહેતું નહોતું, તેથી ચોરી થઈ એ વાતની ખબર પડી નહિ, બીજે દિવસે સવારે મગનલાલે પોતને ઘેર ચોરી થયાના સમાચાર જાણ્યા, ત્યારે શું પુછવાનું ? છોકરીનાં લગ્ન માટે પૈસો એકઠો કરી મુકયો હતો તે સર્વ ગયું; અને દુકાનમાંનો પૈસો ઘરમાં લાવી મુકયો હતો તે પણ ગયો. દુકાન પરજ તેમનું ગુજરાન ચાલતું હતુ; અને તે પૈસો ગયો, એથી આગળ ગુજરાન કેમ ચાલશે, એની તેને પંચાત પડી.

ગંગાબાઇને ઘણુંજ ખરાબ લાગ્યું, એમા નવાઈ જેવું નથી. કારણ સ્ત્રીઓની જાત ઘણી કોમળ હોય છે; તેમના મનપર સુખની અને દુઃખની અસર જલદી થાયછે. પુરૂષ સઘળું દુઃખ મનમાં રાખેછે; તે કદી પોતાનું દુઃખ બહાર દેખાડતો નથી. મગનલાલ સુજ્ઞ અને વિચારી હતો, તેમ તેની પત્ની પણ વિચારી હતી; તોપણ કેટલીક વાર તે ઉદાસી રહી, એમાં કાંઈ અજાયબ જેવું નથી. આજ આપણી છોકરી લગ્નને લાયક થઇ, તેણીને સારૂં ઘર મળવા માટે થોડી ઘણી પેહેરામણી આપવી જોઇએ, અને લગ્નમાં પરચુરણ ખર્ચ પણ ઘણો કરવો જોઇએ; એમ છતાં

તેણીના લગ્ન માટે મુકેલો પૈસો ગયો, એવું મનમાં આવીને તેણીને ઘણુંજ ખરાબ લાગતું. છેવટે ગઇ વાતનો શોક કરવો એ વ્યર્થ છે, એ વ્યવહાર માર્ગ તરફ લક્ષ આપીને તે સ્વસ્થ બેસી રહી. મગનલાલે ચોરોનો ઘણી રીતે શોધ કર્યો, પણ ક્યાંઇ પત્તો લાગ્યો નહિ.

આવો પ્રસંગ જ્યારે તેઓનીપર ગુજર્યો, તેવખતે મગનલાલને કાંઈ પણ ઉપાય શોધી કાઢીને પોતાના કુંટુંબનો નિર્વાહ કરવાની ફરજ પડી. દુકાન તો કાઢી નાખવીજ પડી. તેમાં થોડો ઘણો પૈસો હાથ આવ્યો, અને તેણે બીજા થોડાં ઘણાં પૈસા સાહુકાર પાસે કરજ કાઢીને કંટ્રાકટના કામ માથે

લીધાં. તેના નફાની વ્યવસ્થા—એવી કરાવી હતી કે, વ્યાંજ બાદ જઈને બાકી નફો જે રહેશે, તેમાંથી ત્રણ ભાગ કરીને બે ભાગ સાહુકારને આપવાં અને એક ભાગ પોતે રાખવો. એમજ જો કેટલાક દિવસ ચાલ્યું હોત, તો સારૂં થાત. પણ તેમનું દુર્દૈવ આટલામાંજ પુરૂં થતું એવો ઈશ્વરી સંકેત નહોતો.

એક કામમાં પૈસો વધારે લાગ્યો અને તેમાં એક હજાર રૂપીઆનું નુકસાન થયુ; તેથી મગનલાલ તદન ડુબી ગયો. જે સાહુકારે તેને પૈસો આપ્યો હતો, તેને તેની દયા ન આવીને તેણે પૈસા બદલ ફરીયાદ કરી, અને

હુકમનામું મળ્યા પછી ઘરપર જપ્તી લાગ્યો. જપ્તી આવવાની છે એ વાત મગનલાલે જાણી હતી, તોપણ ઘરમાં જે થોડો ઘણો માલ હતો તે તેણે છુપાવ્યો નહોતો.

જપ્તીમાં બસે, રૂપીઆનો માલ નિકળ્યો. ગંગાબાઈના શરીરપર જે દાગિનાઓ હતા તે સઘળાં ગયાં, ઘરમાંના કપડા લત્તા ગયા, ફક્ત રસોઈ કરવાના ચાર વાસણો, એક બે લુગડાં અને ચોળીઓ, ગોદાવરીની સાડી, ચંચળની એક ઘાઘરી, અને થોડું ધાન્ય, માત્ર એટલું રહ્યું. સાહુકારના મનમાં આવ્યું કે, મગનલાલ આગળ વેપાર કરતો હતો, ત્યારે તેની પાસે થોડે. ઘણો પૈસો હશે, અને તે જાણીજોઇને

તેને દાબી રાખ્યોછે; અને કામમાં આપણે ડુબી ગયા એવું તેણે ખોટુંજ કહ્યું હશે. તે માટે સાહુકારે એવો વિચાર કર્યો કે, તુરંગની દરખાસ્ત આપવી એટલે ગમે તે રીતે મગનલાલ પોતાનો પૈસો આપી દેશે. અને તે પ્રમાણે તેણે કર્યું. આ પૈસા આપવા માટે મગનલાલે ઘણે ઠેકાણે કરજાઉ નાણા માગ્યા, પણ આવે વખતે તેને આપે કોણ? સાહુકારે તુરંગની દરખાસ્ત આપવા માટે કોર્ટની પરવાનગી મેળવી. એ મગનલાલે જાણ્યું, ત્યારે તેણે તે સાહુકારની ઘણી વિનંતિ કરી કે "અરે! હું તારો પૈસો કદી ડુબાવીશ નહિ, જેમજેમ તે મારા હાથમાં આવશે તેમ તેમ હું તારો નિકાલ કરી નાખીશ;

હાલ મારી પાસે બિલકુલ પૈસા નથી, તો હું તને આપું કયાંથી " ? સાહુકાર કેમે કરી સાંભળે નહિ, ત્યારે છેવટે નિરૂપાય થઈને મગનલાલને તુરંગમાં જવું પડયું.

અંહિઆ ઘરની સ્થીતિ તો પુછવીજ શી ? મગનલાલ સાહુકરની દુકાને ગયા પછી ગંગાબાઈને જે કાંઇ ખરાબ લાગ્યું તે કાંઇ કહી શકાય નહિ. આજ છોકરી પરણાવવા જોગ થઇ, તેનું લગ્ન અટકી પડયું, ઘરમાં તો આવતી કાલની પંચાત. પાસે બે છોકરીઓ, ત્યારે શું કરવું એવું તેના મનમાં આવ્યું. તેણીનું મોં તદન ઉતરી ગયું હતું અને તે સચિંત બેઠી હતી, એટલામાં મગનલાલ ઘેર

આવ્યા. તેમના પગમાંના જોડાનો અવાજ સાંભળતાંજ ગંગાબાઈએ ફરી પોતાની આનંદ વૃત્તિ ધારણ કરી. આવા પ્રસંગે પતીનું ધૈર્ય જવા ન દેવું અને તેનું સમાધાન કરવું એવું તેણીના મનમાં હતું. મગનલાલે તે સચિંત બેઠી છે એવું દુરથીજ જોયું, અને આપણા આવવાથી તેણીના ચેહેરામાં કેવો ફેરફાર થયો, એ વાત પણ તેના ધ્યાનમાં આવી. મગનલાલને બાહાર ગમે તેટલું સંકટ હોય, તોપણ, ઘેર આવ્યા પછી સઘળું, આનંદ રહેતું. જે જે સ્થીતિ આવશે તે તે સ્થીતિને આધિન થવું જોઈએ, અને સંકટમાં પતીને અને પોતાના બાલબચ્ચાઓને સુખ આપતાં રહેવું

એ આપણું કામ છે એવું ગંગાબાઇ માનતી હતી. તેણીનો પરમેશ્વર ઉપર પૂર્ણ ભરોંસો હતો અને તેજ આપણને આ સંકટમાંથી છોડવશે એવી તેની ખત્રી હતી, મગનલાલ ઘેર આવ્યા પછી પોતાના સઘળાં દુઃખ વિસરી જતો હતો. ધન્ય છે તે ગંગાબાઇની! આવી પતિવ્રતા સ્ત્રીઓ ઘણીજ થોડી. પત્નીને અર્ધાંગ કહેછે, તે ગંગાબાઈએજ ખરૂં કર્યું. સાહુકાર દિવાની તુરંગમાં રાખનાર એવુ દારૂણ વચન મગનલાલના મુખમાંથી નિકળતાંજ, ગંગાબાઈ અને ગોદાવરીએ આટલી વખત સુધી જે દમ પકડયો હતો તે હઠી ગયો. તેઓને એકદમ રડવુ આવી ગયું. મગનલાલ જેવા હિંમતવાન

પુરૂષ ઘણાજ થોડા મળી આવશે, પણ પત્ની અને પોતાની છોકરી રડવા લાગી એ જોઇને તેને પણ રડવું આવ્યું. ચંચળ તો નાનીજ હતી, પણ બાપા, મા અને બેન રડવા લાગ્યા, તેથી તે પણ રડવા લાગી. તે ના ના બાળકને દુઃખની શી ખબર ?, છેવટે મગનલાલ બોલ્યા—" અલી? અમસથા રડવામાં શું ફાયદો છે? થવા કાળ કદિ ચુકતો નથી. આવતી કાલે મને તુરંગમાં જવું પડશે. મેં કાંઈ લબાડી અગર ચોરી કરી નથી. હવે લોકો મને કદાચ ખરાબ કહે, તોપણ મને તેની શરમ લાગશે નહિ. મારા મનની મને ખાત્રી છે, ઈશ્વર તો મને ખરાબ કહેશે નહિને? પણ હવે

આગળની કાંઈ પણ તજવીજ કરવી જોઈએ. કારણ કે તમે અંહિઆ એકલા કેમ રહેશો? મને એમ લાગે છે કે, તું તારે બેનને ઘેર આ બંને છોકરીઓને લેઈને રહેવા જા. તેણીના ઘરની સ્થીતિ જોવા જઈએતો કાંઇ એટલી બધી સારી નથી, તોપણ ખાવા પીવાની કાંઇ હરકત પડશે નાહ. શિવાય તે તારી સગી બેન છે, અને બારેજડી ગામ અંહિઆથી કાંઇ વધારે દુરછે એમ નથી, અંહિઆથી પાંચ છ ગાઉજ છે; સમાચાર હરહમેશાં સમજતા જશેજ; તો આજે તારી ત્યાં રવાનગી કરી આપુછું ગંગાબાઈએ કહ્યું, "એમ કેમ થાય? હું ત્યાં જઈશ નહિ, તમારા તરફના સમાચાર મને ત્યાં કેમ

ખબર પડશે ? મને મેહેનત મજુરી કરીને જે મળશે તે હું ઘરમાંજ ખાઇશ પણ હું અહિઆથી બાહેર જઇશ નહિ. તમારી જો ઈચ્છાજ હોય તો ગોદાવરીને હું જોઇએ તો મોકલું છું. પણ હું અને ચંચળ અહિઆથી જનાર નથી." તેણીના બોલવાના ઈરાદા ઉપરથી મગનલાલને લાગ્યું કે;—એ જશે નહિ એતો ખચિત. તેથી મગનલાલે કહ્યું કે, "વારૂં ત્યારે, ગોદાવરીને તો ત્યાં મોકલો દે. તેની માસી તેની સંભાળ લેશે, અને લગ્નની પણ કાંઈ તજવીજ નિકળશે તો તે જોશે. સારૂં ઠેકાણું મળી આવે, અને એનની પણ કાંઈક મદદ મળી આવે તો કામ કરી નાખજો. " ગોદાવરીએ

જ્યારે આ શબ્દો સાંભળ્યા ત્યારે તેને ઘણું ખરાબ લાગ્યું. કારણ તેના મનમાં જવાનું નહોતું. માતા પાસે રહીને તેણીનું સાંત્વન કરવું અને બાપની આપણને વારંવાર હકીકત સમજાય એવું તેના મનમાં હતું. પણ મા અને બાપનું જ્યારે એક મત થયું, ત્યારે તે આગળ શું બોલવાની? વડીલોની આજ્ઞા તોડવી નહિ એવું તે સારીપેઠે જાણતી હતી; અને માનો ધાક પણ તેનીપર ઘણો હતો, તેથી તેણીની આગળ બોલવાની ગોદાવરીની શી મગદુર? તેથી તારી આજ બારેજડાએ રવાનગી કરી આપેછે ત્યારે જા."—એવુ જ્યારે માએ ગોદાવરીને કહ્યું, ત્યારે તે જવાને ગપચુપ તૈયાર થઈ

અને તેઓએ તેની બપોરે બારેજડીએ રવાનગી કરી દીધી.

ગંગાબાઈ મેહેનત મજુરી કરીને પોતાનું અને ચંચળનું પેટ ભરવા લાગી. મગનલાલને તો બીજેજ દિવસે તુરંગમાં જવું પડયું. ગંગાબાઈને એક એક દિવસ વરસની માફક લાગતો, તોપણ તુરંગમાંના સમાચાર તે સિપાઇની મારફતે હમેશાં મેળવતી હતી.

ગોદાવરી બારેજડીએ માસીને ઘેર ગઈ ત્યારે માસીને ઘણી નવાઈ લાગી. ગોદાવરી આવશે એ તેના સ્વપ્નામાં પણ નહોતું. અમદાવાદની હકીકત જાણી, ત્યારે તેણીને ઘણુંજ ખરાબ લાગ્યું. તેણીએ ગંગા-

બાઇને બારેજડી આવવાને લખી મોકલ્યું, પણ તે આવી નહિ. બંનેને લખતાં વાંચતાં આવડતું હતું.

બારેજડી એટલે મોટું શેહેર છે એમ નહિ, નાનું ગામડુંજ છે એવું કહીશુ તો ચાલશે. બ્રાહ્મણોની વસ્તી સુમારે વીસ પચીસ ઘરની હશે. ત્યાનાં લોક ખેતીવાડી ઉપર પોતાનું ગુજરાન ચલાવે છે. તે ગામમાં કેટલાક શ્રીમંત પણ હતાં, તેમા માણેકલાલ મુખ્ય હતો. તેના ઘરનો અને ગોદાવરીના માસીના ઘરનો સ્નેહ સંબંધ ઘણોજ હતો, તેથી માણેકલાલ કોઈ કોઈ દિવસે તેણીને ત્યાં આવતા હતા. એક દિવસે મહાલક્ષ્મી (માસી.) ના વરે

તેમને જમવાં બોલાવ્યાં હતાં, ત્યારે, તેમની નજરે ગોદાવરી સહજ પડી. માણેકલાલ શ્રીમંત હોવાને લીધે તેના માબાપે તેને નિશાળે મોકલ્યો નહોતો. તો પણ ઘેર એક મેહેતાજી રાખીને લખવા વાંચવાનું સાધારણ જ્ઞાન તેને શિખાડ્યું હતું. તેની ઉમર આ વખતે વીસ બાવીસ વર્ષની હતી. એનું લગ્ન આઠ નવ વર્ષનો હતો ત્યારેજ થયું હતું. પરંતુ તેની સ્ત્રી આ વખતેજ ગુજરી ગઇ હતી. પેહેલી સ્ત્રીના પાતિવ્રત્ય વિષે માણેકલાલને આગળથીજ વેહેમ આવ્યો હતો, તેથી પોતાની સ્ત્રી ઉપર તેની બિલકુલ મમતા નહોતી; તેથી તે મરી ત્યારે તેને સારૂ લાગ્યું. અને એક સ્ત્રીએ આવી રીતે

અદકેલી ચલાવી, તેથી આગળ હવે બીજું લગ્ન કરવાનો નથી એવો તેણે નિશ્ચય કર્યો હતો. ઘણા લોકોએ તેમને એમ કરશો નહિ કરીને કહ્યું, પણ તે ફોકટ ગયું.

ગોદાવરીને માણેકલાલે જ્યારે જોઈ, ત્યારે તરતજ તેના મનમાં કાંઈક વિચાર આવ્યો. તેણીનું તે ગોરૂં અંગ, પાતળું શરીર, તેણીની તે ચપળતા, એ સઘળું તેના મનમાં ભરાઈ ચુક્યું. માણેકલાલ પણ સ્વરૂપથી ખુબસુરત હતો, અને મોટા મનનો હતો. એટલુંજ કે, તેની પહેલી સ્રીથી તેને જે દુઃખ થયું હતું; તેથી તેનું મન કાંઈક ભ્રષ્ટ થયું હતું તોપણ

તે દિવસથી માણેકલાલ મહાલક્ષ્મીને ઘેર વારંવાર આવવા લાગ્યો, અ તેનું ધ્યાન હમેશાં ગોદાવરી તરફ રહેતું ગોદાવરીને પણ આપણે આજ પતિ મળે તો સારૂં એમ લાગ્યું. માણેકલાલ બોલવા ચાલવા પરથી સારા માણસ છે એવું તેણીને જણાઈ આવ્યું, તેને જોઈને તેણીના મનમાં જે તરંગ આવ્યા, તેનું કારણ કેટલેક અંશે તેણીની પિતૃભક્તિ હતી. તેણીને એમ લાગ્યું કે, માણેકલાલની સાથે મારૂં લગ્ન થાય, તો મને મારા બાપનો છુટકો કરવાને ફાવશે. કારણ કે, માણેકલાલ શ્રીમંત છે, અને તે પોતાના સસરાને છોડવવાને આઘુંપાછું જોશે નહિ એવી તેણીની ખાત્રી હતી.

તે વખતમાં જોવા જઇએ તો પિતાનો છુટકો કરવાનો એ એકજ માર્ગ હતો. તેથી આવો યોગ બની આવે તેથી તે મનમાંને મનમાં ઇશ્વરની પ્રાર્થના કરતી હતી.

એક દિવસે હમેશની માફક માણેકલાલ મહાલક્ષ્મીને ઘેર આવ્યો. ગોદાવરી શિવાય તે વખતે ઘરમાં કોઇ નહોતું. માણેકલાલ ઓટલાપર આવીને બેઠો. તેને પોતાના મનમાંની વાત કાઢવાને આતક સારી મળી આવી. તેણે કહ્યું, "ગોદાવરી! ગવરીશંકર કયાં ગયાછે?" ગોદાવરી અંદરથી ધીમેજ પણ સંભળાઈ આવે એવી રીતે મોટેથી બોલી, "તેઓ

આજજ એક ગામડે કાંઇ કામસારૂં ગયા છે; માસી છે તે રામશંકર કાકાને ઘેર કેરીઓ આપવા ગઈછે." તે સાંભળીને માણેકલાલ થોડો વખત વિચાર કરતો બેઠો. એક વખતે તેને લાગે કે, આની પાસે વાત કાઢવી, એક વખતે વળી એમ લાગે કે વાત નહિ કાઢવી. પણ છેવટે આવો પ્રસંગ જવા દેવો નહિ એમ જાણીને તે ફરી બોલવા લાગ્યો. —"ગોદાવરી? તારા લગ્ન વિષે કાંઇપણ વાતો નિકળી હતી કે"? તે શરમાયા જેવી થઈ અને કાંઈપણ બોલી નહિ. પછી તે પોતેજ ફરી બોલવા લાગ્યો— "ગોદાવરી? હું તારા ઘરની સ્થીતિ જાણુંછું. આવો પ્રસંગ કોઈ દિવસે

કોઈની ઉપર આવેલો નહિ. પણ તેની હવે તું કાંઈપણ ફીકર કરીશ નહિ. તને માસીને ઘેર મોકલવાને તારી માને પરમેશ્વરેજ બુદ્ધિ આપી એમ મને લાગેછે. હું તારા બાપનું કરજ ફીટાવી દઊંછું, અને તેને તુરંગમાંથી છોડાવુંછું કરજ કરજ તે શું? એક હજારજ રૂપયાને? પણ તારી પાસે મારૂં એક કહેવું છે. તે જો તું કબુલ કરશે, તો હું આટલું સઘળું કરીશ. હું જે કહેવાનો છું, તે વિષે ખરેખર જોવાં જોઈએ તો તેમાં તને શું પુછવાનું છે? તે માટે મેં એક માણસને કાગળ આપીને ખસુસ અમદાવાદ મોકલ્યોછે, ઉત્તર આવશે તે પ્રમાણે તજવીજ કરવામ

આવશે. પણ તને કેમ લાગે છે એટલુંજ હું પુછુછું. અમારે ત્યાં ભાઈશંકર કારકુન છે, એ તને ખબર છે. તેની સાથે તારો વિવાહ કરવો એવું મારા મનમાંછે. મેંજ તારી સાથે લગ્ન કર્યું હોત, પણ તે ચંડાળણીના કૃત્યો જ્યારે મેં સાંભળ્યા, ત્યારથી લગ્ન કરવાનો નથી એવો મેં નિશ્ચય કર્યોછે. પણ લગ્નજ કરવામાં વશેષ શુછે? અમારા ભાઈશંકરની તું વહુ થઈ અગર મારી થઇ, તો તે સરખુંજ છે. તને સઘળું કાંઈ મળશે. ઘરેણાં ગાંઠા મળશે. તું ડાહી છે. તને વધારે શું કહીએ? તો હું પુછું તેનો જબાબ આપ. તને આ વાત કબુલ છે કે નહિ"?

—ગોદાવરીને પ્રથમ માણેકલાલ બોલવ

લાગ્યા, ત્યારે સારૂં લાગ્યું. પણ છેવટના શબ્દો સાંભળતાંજ તેણીએ આજ દીન સુધી જે આશાઓ મનમાં રાખી હતી, તે, તદ્દન નહિ જેવી થઈ. માણેકલાલ આવા નીચ ગૃહસ્થ હશે એવું તેણીના સ્વપ્નામાં પણ નહોતું. આપણી પાસે માણેકલાલે આવી વાત કાઢી, તેથી તેણીને ઘણું ખરાબ લાગ્યું. તેણીના મનમાં જવાબ આપવાનુ બિલકુલ નહોતું! પણ અમસ્થા બેસીએ, તો આવી વાતને આપણી કબુલી છે એવી તેમની સમજુત થશે, તેથી તે થોડામાં પણ જરા ગુસ્સાના ચેહેરાથી બોલી,—" હુ નાની છું, તો પણ માની મને સારી શિક્ષા છે, આપ કહોછો એવા નીચ કર્મને હું કદી હા

પાડીશ નહિ. બાપનો છુટકો થવો તે સન્માર્ગથી ચાલીને થશે તો તે કરવાનો હું યત્ન કરીશ. મારો જીવ જો કોઈ માગે તો તે હું આપીશ. પણ હું મારી નીતિ છોડનાર નથી. એટલું પક્કી રીતે ધ્યાનમાં રાખજો; આ ઉપર આવી વાત તમે મારી પાસે કોઇપણ દીવસે કાઢશો નહિ." આટલું સાંભળ્યા પછી માણેકલાલને ઘણી અચરતી પેદા થઇ. ખરૂં જોવા જઇએ તો માણેકલાલ ઘણો લાયક માણસ હતો. પણ તેણે ભૂલ કેમ ખાધી એ ઉપર કહ્યું છેજ.

પછી માણેકલાલ કાંઇપણ ન બોલતાં પોતાને ઘેર ગયો. પોતે કરેલાં કૃત્યનો તેને

પશ્ચાતાપ થયો, અને આવી નીચ વાત આવી સુશીલ છોકરી પાસે કાઢી નહોત તો સારૂં થયું હોત. એવું તેને લાગ્યું. તેણીના મા તરફ પત્ર મોકલ્યો હતો તે બદલ પણ તેને ખરાબ લાગ્યું. જે માણસ તદન ભ્રષ્ટ થયેલો રહેતો નથી, તેની આંખો તરત ઉઘડે છે. તેથી એક માણસને અમદાવાદ મોકલ્યો તે પોતાનાં પત્રનો ઉતર કેવા પ્રકારનો લાવશે અને તે ક્યારે આવશે એવું તેને થયું. ઉતર કેવો આવશે એનો તેને ભરોસોજ હતો. ગંગાબાઈ આપણી નિર્ભત્સના કરશે એમાં સંશય નથી, એવું તેને લાગ્યું.

બીજે દીવસે અમદાવાદથી માણસ આવ્યો. તે બોલ્યો. મેં ગંગાબાઈને તમારો

પત્ર આપ્યો અને હું ક્યાંથી અને કોના તરફથી આવ્યો તે કહ્યું તે પત્ર વાંચતાંજ તેમને એવો ગુસ્સો આવ્યો, કે કાંઈ કહી શકાય નહિ. ઘણીવાર સુધી તે સચિંત બેઠી. તેની નાની છોકરી ચંચળ તેની પાસે બેઠી હતી. મા સચિંત બેઠી અને ગોદાવરીની વાત નિકળી. તેથી તેણીના ઉપર કાંઈ સંકટ આવ્યું છે એવું સમજીને તે રડવા લાગી. શું તે ડાહી છોકરી? માને દુઃખી છે એવુ જાઇને તરત તેના ખોળામાં જઇને બેઠી 'અને બેન તરફના સમાચાર કે શું' એમ પુછવા લાગી. ગંગાબાઈ કેટલીક વાર સુધી ગપચુપ બેસી રહી. અને મે જ્યારે પત્રનો જબાબ માગ્યો ત્યારે

ને બોલી, પત્રનો જબાબ આપવાંમાં કાંઈ હાંસલ જેવું નથી, એવું જઈને કહો. ૭ સાત પેહેડીમાં અમારા કુળને કલંક લાગ્યુ નથી, તો આવી વાત પુછવાને શરમ કેમ લાગતી નથી?—પછી જરા વાર રહીને ફરી તે બોલી, 'વારૂં, જે થયું તે થયું. પણ હું મારી છોકરીને એક કાગળ આપું છું, તે તેને આપજો— બીજા કોઇને હાથ જવા દેશો નહિ. હું 'આપીશ' એવું કહ્યા પછી તેણીએ એક કાગળ લખી આપ્યો. "આ કાગળ હું ગોદાવરી બેનને લઈ જઈને આપુછું."

આટલું તેમનું બોલવું થયા પછી માણેકલાલે તેની પાસેથી તે કાગળ મોટા

આગ્રહથી લીધો. તે કાગળમાંની મતલબ સમજવાની તેને મોટી ઇચ્છા થઈ; તેથી ફોડીને વાંચ્યો, તે આ પ્રમાણે:—

શ્રી

"ચિરંજીવ બેન ગોદાવરી, મુકામ બારેજડી.

"અમદાવાદથી લી. સૌભાગ્યવતી "ગંગાબાઈના આશીર્વાદ. વિશેષ લખ "વાનું કે, અહિંઆ અમો સઘળાં ચૈત્ર "શુદ્ધ નવમી સુધી સુખરૂપ છીએ. "બીજુ લખવા કારણ એ છે જે, બા "રેજડીમાં માણેકલાલ નામનો શ્રીમંત "ગૃહસ્થ રહેછે; તેને ગૃહસ્થ કહેતાં મને "ઘણી શરમ લાગેછે. તેમને મને એક

“ કાગલ લખ્યોછે, જેમાંની બીના તને
“ લખવા જોગ નથી, તોપણ તે તારા
“ અહિતને માટે કારણ થઈ નપડે માટે
“ મારે જણાવવુંજ જોઇએ. તે કાગળ
“ માંનો સારાંશ એટલોજ છે કે,—‘અમા
“ રા ભાઈશંકરની સાથે ગોદાવરીનો
“ માત્ર નામનો વિવાહ કરી નાંખવો. ઘર
“ સઘળું ગોદાવરીનું છે. ઘરેણા ગાંઠા
“ સઘળું મળશે. એ પ્રમાણે કરશો તો
“ હું તમારા પતિનો તરત છુટકો કરી
“ આપીશ.’ આવા મોટા કહેવડાવનારા
“ ગૃહસ્થે આવું નીચ કર્મ કરવાને પ્રવૃત્ત
“ થવું એ મોટી લાંછનની વાત છે. અને
“ મને જે પત્ર લખ્યો છે, તે માત્ર દુઃખ
“ ઉપર ડામ આપ્યા પ્રમાણે છે. તો

" ગોદાવરી! હું તને તારા હિતની વાત
" કહુંછું. આ પુરૂષ વખત જોઈને એકાદ
" વાત તારી આગળ કાઢશે તે તું સાંભ
" ળતી નહિ. તને મેં અને તારા બાપે
" જે શિક્ષા આપીછે તેપરથી તું એવુ
" કોઈ દિવસ કરનાર નથી એવી મારી
" પકી ખાત્રીછે. પણ આ પાશમાં તું
" કદાચિત સપડાઈશ' તેથી તને સુચના
" આપું છું હાલ આપણી ઉપર તરેહ
" વાર સંકટો આવી પડયાંછે તેથી હજાર
" ગણાં અધિક સંકટો આવશે તે આપણે
" સહન કરીશું, પણ છોકરીની આવી
" દશા અમારાથી જોવાશે નહિ. આટલા
" સંકટો આવ્યાંછે તોપણ પરમેશ્વરની
" એટલી મેહેરબાની સમજવી જોઈએ

" કે, આપણા કુળમાંના સઘળાં લોકો
" સન્માર્ગથી ચાલેલાં છે. તેમ તું પણ
" ચાલીશ એવી મારી આશાછે. તારા
" બાપની પ્રકૃતિ સારી છે. વિશેષ લખવા
" સરખું કાંઈ નથી. એજ આર્શીવાદ."
આ કાગળ વાંચ્યા પછી માણેકલાલને ઘણો આનદ થયો. ગોદાવરીની સાથે લગ્ન કરવાનો તેણે રાત્રે ઠરાવ કર્યો હતો, તે હવે આ કાગળ વાંચતાંજ અધિક મજબુત થયો; તે બોલ્યો—" આજ મારૂં નશીબ ઉઘડયું. કેમકે મને મળનારી પત્ની જેવી સારી, રૂપવંતી અને સુશીલ છે, તેવીજ સાસુ પણ મળનાર છે. તોપણ આ કાગળ ગોદાવરીને બતાવીને તે શું કહે છે તે જોવું જોઈએ." એ

ઇરાદાથી તે કાગળ જેમનો તેમ પાછો બીડીને માણેકલાલ ગોદાવરીના માસીને ઘેર ગયા, અને મ્હાલક્ષ્મીને કહ્યું, "અમદાવાદ મારો માણસ ગયો હતો તેની સાથે ગંગાબાઇએ ગોદાવરીને આ કાગળ મોકલ્યો તો તેને અંહિઆ બોલાવો." મહાલક્ષ્મી એ તેને બોલાવી. પણ હું બોલી, "હું માણેકલાલની સામે આવતી નથી; કાગળ હું અંદર બેસીનેજ વાંચીશ." માણેકલાલ કાગળ આપે નહિ, તેથી મહાલક્ષ્મી માસી ઘણા આગ્રહથી તેને બાહેર બોલાવી લાવી. 'તે કાગળ અંહિઆજ વાંચવો જોઇએ'—એવો માણેકલાલે આગ્રહ કરવાથી તેણીએ મહાલક્ષ્મી માસીના કહેવા ઉપરથી

મનમાંને મનમાં તે ત્યાંજ વાંચ્યો. તેમાંનો મજકુર વાંચીને તેણીને જે આનંદ થયો તેનુ શું વર્ણન કરીએ? તેણીની તે બે ગુણોથી ભરપુર આનંદ વૃત્તિ જોઇને માણેકલાલે લગ્નનો ઠરાવ પકકો કર્યો અને પોતાનો હેતુ મહાલક્ષ્મી માસીને કહી સંભળાવ્યો. એ સાંભળીને મહાલક્ષ્મી માસીએ માણેકલાલને કહ્યું કે, "ગોદાવરીના માસા ગઇ કાલે ગામ ગયાછે અને ઘણું કરીને આવતી કાલે આવશે. માટે તમે એક બે દિવસ સબુર પકડો. ઘેર આવશે એટલે આ તમારો હેતુ હું કહી સંભળાવીશ. કારણ કે, આ લગ્નનું કામછે, તે માટે પુરૂષોના કાનપર વાત નાખવી એ સારૂં. પછી

તે કહેશે તે પ્રમાણે તમને કહીશ. એવું તેણીનું બોલવું સાંભળી માણેક લાલ પોતાને ઘેર ગયો.

આ સઘળો વૃત્તાંત ગોદાવરીએ સાંભ ળ્યોજ હતો. "હવે ગવરીશંકર માસા આવ્યા પછી માસી તેમને સઘળી હકી ગત કહેશે; અને તેમનો હેતું માણેક લાલને મને આપવાનો ઘણું કરીને દેખાયછે, ત્યારે ગવરીશંકરને પણ તેમનું કહેવું તેવાજ પ્રકારનું થશે; અને જો તેઓ હા કહેશે, તો આગળ જતાં ઘણું અઘરૂં પડશે. માણેકલાલ ઘરનો જો કે શ્રીમંત છે તોપણ તેમની આગળની વર્તણુક ઉપરથી તેમનો સ્વભાવ હમેશાં

સારો રહેશે એવો ભરોંસો નથી. જે માણુસની સાથે આપણો સઘળો ભવ ગુજારવાનો છે, તે નીચ કર્મ કરવાને પ્રવૃત્ત થવા લાગશે એવી શંકા પણ મનમાં લાવવી કામની નથી.” એવા વિચાર ગોદાવરીના મનમાં આવીને તે ઘણી ચિંતામાં પડી.

બીજે દિવસે ગવરીશંકર ગામથી આવ્યાં. ત્યારે મહાલક્ષ્મીનું અને તેમનું આ વિષે બોલવું થઇ ગોદાવરીનો અભિપ્રાય પુછવાનો ઠરાવ થયો. ગવરી શંકરે ગોદાવરીને પુછ્યા પછી તેણીએ પોતાનું ખરૂં મત તેમને મર્યાદશીલ પણાથી કહ્યું. તે બોલી,—“ માણેકલાલ

શ્રીમંત છે, તોપણ તેમના સ્વભાવ વિષે મારી ખાત્રી થતી નથી. જે એક વખતે નીચ કર્મ કરવાને પ્રવૃત્ત થયા તેમની બુદ્ધિ ફરી બગડનાર નહી એવો નિયમ કહી શકાય નહિ; અને આપણે આખો ('.વ કાઢવોછે, ત્યારે વેહેમની જગોએ પગલું ભરવું એ મને બરોબર લાગતું નથી. પણ હું નાની છું. અને મારૂં મત આપે પુછ્યું તેથી મેં કહ્યુ. તોપણ હું તમારી ઈચ્છાની વિરૂદ્ધ નથી." આ બોલવું સાંભળીને ગવરીશંકરને જે કાંઇ આનંદ થયો તે કંઇ કહી શકાય નહી. ગોદાવરીની ઉમર નાની છતાં તેનામાં આટલું ડહાપણ છે અને તેના વિચાર આવાં વજનદાર છે એ જોઈને તેને

ઘણી અજાયબી પેદા થઈ. તેણીની વૃત્તિ અને સદ્ગુણ વિષે હોંશ જોઈને તેના મનને ઘણુંજ સમાધાન લાગ્યું, અને તે તેણીના ઉપર વધારે પ્રીતી કરવા લાગ્યો. ગવરીશંકરે પણ મનમાં નિશ્ચય કર્યો કે ગોદાવરીનું લગ્ન માણેકલાલ સાથે કરવું નથી. પરંતુ તે ગામડાં ગામમાં માણેકલાલની પ્રતિષ્ટા હતી; તેથી તેને એકદમ ના કેમ કહેવાય, એની તેને મોટી પંચાત પડી. તોપણ એક દિવસે 'છોકરીના માના મનમાં તમારી સાથે સંબંધ કરવાનો નથી' એમ તેમણે તેને યુક્તિથી જણાવ્યું.

માણેકલાલને તેથી પોતાનો મોટું અપમાન થયાં જેવુ લાગ્યું. પેહેલી સ્ત્રીના

ખરાબ આચરણથી કોઈ દિવસે લગ્ન કરવુંજ નહિ એમ તેણે પેહેલાં ઠરાવ કર્યો હતો અને તે લોકમાં ઘણી વખતે બોલી બતાવ્યું હતું. પછી ભાઈશંકર કારકુન સાથે લગ્ન કરવાની યુક્તિ કાઢી, તેનું નીચપણું લોકોમાં જણાયાથી પોતાના નામને ડાઘ લાગ્યો એવું તેને લાગ્યું. પછી માણેકલાલ અને ગોદાવરીનું લગ્ન થનાર એવી પણ લોકોમાં અફવા ઉડી હતી. એટલું થઈને, માણેકલાલના નીચપણા માટે ગોદાવરીની માએ ના કહ્યું. એ લોકમાં પ્રસિદ્ધ થયું, ત્યારે કેટલાંક લોક માણેકલાલની રૂબરૂમાંજ પણ તેની મશ્કેરી કરવા લાગ્યા. આ સઘળી વાતનું પરિણામ એ થયું કે, માણેકલાલ ગવ

રીશંકરનો ઘણો દ્વેષ કરવા લાગ્યો. ગવરીશંકર અને મહાલક્ષ્મીને ઘણું ખરાબ લાગ્યું અને ગોદાવરીને તો ઉંઘ પણ આવે નહી. માણેકલાલ ઘણા ગુસ્સે થયા છે. અને વખત ઉપર શું કરશે તેનો કાંઇ નિયમ નથી એવી તેમને ધાસ્તી પડી. ત્યારે ગવરીશંકરે પરદેશ જવાનો નિશ્ચય કર્યો, અને તે સઘળાં અમદાવાદ નિકળી ગયાં. આ વખતે ગોદાવરી મોટી અડચણમાં આવી પડી. 'આપણે લીધે ગવરીશંકર અને માસી મોટા સંકટમાં પડયાં અને તેમને પરદેશ જવું પડયું; ત્યાં તેમની સાથે આપણે જવું એ આપણો ધર્મ છે, એવું તેને લાગ્યું પરંતુ અંહિંઆ મા બાપ દુર

રહ્યા; એવે પ્રસંગે માને છોડીને દુર જવુ તે પણ સારૂં નહીજ.—છેવટે સઘળાનાં વિચારથી એવું ઠર્યું કે, ગોદાવરીએ ગવરીશંકરની સાથે દુર પરદેશ જવું. તરતજ સારા મુહુર્તપરઃ તેઓ નિકળ્યા અને નર્મદા નદીના કીનારાપર ભરૂચ શેહેરમાં જઈને રહ્યાં.

ભોળાનાથ નામનો એક વેપારી ચોતરફ ફરતો ફરતો કેટલાંક દિવસ પેહેલાં તેજ શેહેરમાં આવીને રહ્યો હતો તેની સાથે ડામડોળ ઘણો હતો. અને આ કોણ ક્યાંનો અને આટલે દુર આવીને રહેવાનું કારણ, એ સઘળું તેજ જાણતો હતો. ભોળાનાથ ધનવાન અને સ્વભાવથી ઘણો

ભલો માણસ હતો એ ભરૂચના મોટા લોકોને તરતજ જણાઇ આવ્યું, અને તેના વિશેષ ઔદાર્યથી તેનું નામ ગરીબ લોકને પણ જાણ થયું. ભોળાનાથ તદન જુવાન હતો,—એટલે તેની ઉમર સુમારે પચીસ વરસની હતી. તથાપિ તેનો કાંઇક ઉદાસીન અને કાંઇક ચિંતાતુર ચેહેરાપરથી જેમ કે પચાસ વરસના અનુભવપરથી તે જગતથી કંટાળો ગયો હોય, એમ દેખાતો હતો. તેની ઉમરના પ્રમાણમાં સુખોપભોગ વિષે ઉત્સુકતા અને કીર્તિ સંપાદન નો જોશ તેના અંગમાં બિલકુલ જણાતો નહોતો, જાણે કે નિરાશ થતો દુ:ખની માળા હાથમાં લેઈને જ્યાં ત્યાં ગુજારો કરવાનો તેણે

ઠરાવ કર્યો હોય એવું દેખાતું હતું આ ઉપરથી કેટલાક વિચારી સદ્ગૃહસ્થોને તેમના આવા સારા સ્વભાવને આવા પ્રકારનો દુષ્ટ ફરક પડવાનું કારણ શુ હોવું જોઈએ, એ જાણવાની ઇચ્છા થતી. પરંતુ તે સમજવાને એકે માર્ગ નહોતો. કારણ તેનો જે પરમ વિશ્વાસુ ચાકર, તે પણ પોતાના ધણીના દુઃખથી દુઃખી હતો અને તેની બહાર ખાલી ચર્ચા ન થવા વિષે સાવધગીરી રાખતો.

ભરૂચમાં ભોળાનાથને આવીને કેટલાંક મહિના થયા પછી એક દિવસે તે ઉદાસ અંતઃકરણથી એક નાના રસ્તા તરફ જતાં એકદમ એક મહાદેવના મંદીર

સામે અટકીને ઉભો રહ્યો. તે વખતે ત્યાં કોઈને તેની આગળની હકીગત, તેના સ્વભાવનો ફરક, અને તેની હમેશની સ્થિતિ ખબર હોત તો તેને તરતજ જણાઈ આવત કે, કેટલાંક દિવસોમાં, કેટલાંક મહિનામાં —અને વર્ષોમાં કહીએ તોપણ ચાલે, તેના ચિત્તમાં જડી રહેલું ઉદાસપણું બહારથી વિચાર શુન્યપણું એ એકદમ જઈને અંતઃકરણ પીગળાવનારે પદાર્થ તેજ વખતે મળી આવ્યો. તેજ મંદીરમાં દેવ દર્શનને બહાને તે અંદર ગયો અને દર્શન કરીને તેની અંદર એક બાજુએ પુરાણ ચાલ્યું હતું; તે સાંભળતો ઉભો રહ્યો. પરંતું તેની નજર તે તરફ નહોતી. ત્યાં તે પછી પુરાંણ

સાભળતો ઘણીવાર બેઠો. થોડાજવખતમાં ભોળાનાથને ફરીથી પેહેલી વાત યાદ આવ્યા જેવું થઇને દુઃખી થયો, અને ચિંતાથી બેજાર થઇ ત્યાંથી ઉઠી ઘર તરફ આવ્યો. પરંતુ મહાદેવના મંદીરમાં તેના મન પર જેવી તસબીર ઉઠી અને રંગાઇ ગઇ; તેવી કોઇનેજ કદી કાગળપર અથવા કાચપર કાઢતાં આવડી નહોત; અને મગનલાલની સુંદર કન્યાએ તે દિવસે તેના મનપર અસર કરી કહીએ તોપણ ચાલે અથવા તેને મનસગડ જીત્યો કહીએ તો કાંઇ ગેરઈનસાફ આપ્યા જેવું નહી થાય! ભોળાનાથ સાંજ થઈ તેથી ઘેર આવ્યો. પરંતુ તે દિવસે તેના વિચારને ફુરસદ નહોતી,

ઉંગની પણ આશા નહોતી, અને દુઃખનો છેડો દેખાતો નહોતો, આજ તેના અંતઃકરણમાં આશાનો ફણગો ફુટયો, અને ચેહેરો તેજસ્વી દેખાવા લાગ્યો. મગનલાલની કન્યા સ્વરૂપથી સુંદર હતી, તથાપિ ભોળાનાથના દુ;ખિત અને ચિંતાતુર અઃતકરણને એકદમ ચકિત કરવાને આ તેનું સ્વરૂપજ કારણ થયું એમ નહિ. તેના સ્વભાવનુ સાદાપણું, ઉમરે સુમારે તેર વર્ષની દેખાતી હતી છતાં ચેહેરાપરથી દેખાડનારી બાંળપણની છાયા, અને પાસે બેઠેલા વડીલ સ્ત્રીઓના મોં આગળ તેમને રૂચે તેવું બોલવું, એ સઘળું જોતાંજ તેનું મન એવા હેતુથી તેણીના તરફ ખેંચાયું કે, જો ખરૂં

અંતકરણ જોઇએ તો અહિયા મળવાની આશા છે. તે તે મંદીરમાં બેઠો હતો ત્યારે વારંવાર તે છોકરી તરફ ટીકી ટીકીને જોતો હતો, અને વારંવાર કષ્ટી થઈને ચિંતાતુર બન્યા જેવો થતો. આ સઘળી અવસ્થા બીજા કોઈના ધ્યાનમાં આવી નહિ, તથાપિ તે છોકરીનું ધ્યાન તે તરફ જઈને તેણીના કોમળ અંતઃકરણપર તેના અંતરની પીડાની અસર આના મન પર થઈ. અને તેનો ખાસ મંદીરમાં આવવાનો, અથવા તેના જોવાને અર્થ કાંઇ તે સમજી નહી, તોપણ તે દુઃખી કેમ અને સામાટે રહેવો જોઈએ, એવો વિચાર તેના મનમાં સહજ આવ્યો.

બીજે દિવસે ભોળાનાથ તે મહાદેવના મંદીરમાં ફરી આવ્યો અને 'તમે કોણ' ક્યાંથી આવ્યાં ? એ પ્રકારની મહાલક્ષ્મી સાથે પુછપરછ કરવા લાગ્યો. આગળ જતા દરેક કોશીશે ગૌરીશંકરની ઓળખાણ કરી લીધી, અને તે કોઈ કોઈ દિવસે તેમને ઘેર આવવા લાગ્યો. પછી એક દિવસે બોલતાં બોલતાં તેણે ગૌરીશંકરની આગળની હકીગત પુછી. ગૌરીશંકરનો પેહેલો સ્વભાવ ઘણો આકળો હતો. પરંતુ પોતાની ઉપર અને મગનલાલપર આવેલા સંકટો અને હાલની ગરીબાઈ, અને તેથી પણ કાંઇ વધારે આફતો આવી પડે તો ગોદાવરીનું સું થશે એ ફીકર આ કારણોથી તે ઘણો નરમ થઈ ગયો

હતો; અને તેથી કોઈ પોતાને વિષે જરા દયા બતાવતું તો તેની પાસે ખુલા દીલથી અને મોટી આસ્થાથી તે બોલતો હતો. તેણે ભોળાનાથને પોતાનો સઘળો ઇતિહાસ કહી સંભળાવ્યો. તેમાં ગોદાવરી અને તેની માતાના વિયોગનું વર્ણન કરતી વખતે તો તેના આંખમાંથી આંસુ આવ્યા, અને તે વખતે ગોદાવરીને પોતાને હાથે છાતી સરસો દાબીને રડી પડયો. તેણે ભોળાનાથને કહ્યુ, " જુઓ, આ પરદેશમાં આવીને દલાલી ઉપર મારે મારૂં ગુજરાન કરવું ? શું આ નશીબ! પરંતુ આ સદ્ગુણી છોકરી તરફ જોઇએ એટલે મનમા આનંદ થાય છે." ગૌરીશંકરે છોકરીને આપવા માટે એક કપડું લાવ્યો

હતો, તેમાંથી કેટલુંક કપડું લઇને ભોળાનાથે કહ્યુ "આવાજ પ્રકારનુ કપડું મને જોઇતું હતું. માટે હું આ કપડું લેઉછું. અને તેની આ કિંમત લો." એમ કહીને તેને એક મોહર આપી. તે હાથમાં લેઇને તેના તરફ જોઇને જરા હસ્યો; પછી તે પોતે મુકી. તેણે મનમાં જાણ્યું કે, આ આટલી મોટી કિંમત આપી એ કેવળ કાંઇ કપડાનીજ નથી. કારણ તેની કિંમત બહુ બહુતો બે રૂપીઆ હશે; પરંતુ આ બક્ષીસમાં કાંઇપણ સખાવતનો ભાગ હશે.

ભોળાનાથને હવે ગૌરીશંકરને ઘેર રોજ આવ્યા વગર ચાલતું નહોતુ અને

તે હમેશાં એકાદ જણસ પોતાને ગમ્યાનું બહાનું કહાડીને એક મોહર આપતો હતો. ગૌરીશંકરને આ સાહુકારની સાદી ચાલ અને સભ્ય રીતભાત બહુ ગમી, અને પોતની ઉપર હમેશા દયા કરે છે. તેથી તે તેને એક સગાંની માફક વહાલો લાગવા લાગ્યો. ગોદાવરીનું પણ આ કારણથી, અને વિશેષ કરીને ગૌરીશંકરને ગમે છે તેથી ઘણો સારો માણસ જાણીને તેની તરફ તેણીનું વધારે ધ્યાન ખેંચાવા લાગ્યું, અને તેનો હમેશા ચિંતાતુર ચેહેરો જોઇને તેણીના મનમાં શોક પેદા થયો. ભોળાનાથ ઘેર આવી બેશે એટલે તેણીને સુખ અને સમાધાન લાગતું, તેની એકાદ વખતે આવવાની

વેળા વીતી જાયતો તે કાવરી બાવરી થતી. આ પ્રમાણે સુમારે બે મહીના નિકળી ગયા.

ગૌરીશંકરને ભોળાનાથનું હમેશાં આવવું ગમવા લાગ્યુ, તે ફકત તેના તરફથી પૈસા મળતા તેથી નહી, પણ, તેણે તે સાહુકારનું મન કેવા પ્રકારનું છે એ જાણ્યું; અને તે પ્રમાણે સર્વ હેતુ સિદ્ધ થાય તો પોતાના માથાપરનો શીશા જેવો બોજો ઉતર્યા જેવું થશે એવું તેને લાગ્યું; તેથી તેનું આવવુ તેને ગમવા લાગ્યું. ભોળાનાથનું મન પણ ગૌરીશંકરના ધાર્યા પ્રમાણે અકૃત્રિમ વશ થયું હતું. તોપણ આગલા દુઃખની વાત વારં વાર તેને જાગી કરતી અને તેથી તેને કેવળ

જેમ બને તેમ ગમે તે એક યોજનના છેવટ. સાથે સઘળાં આયુષ્યનું સુખ અથવા દુ:ખની ગાંઠ વાળી રાખી. એક દીવસે લાગ જોઇને ગૌરીશંકર આગળ વાત કાઢી:—"સાભળો આટલા દિવસ મારાથી બોલાતુ નહોતું, પરંતુ મારી સઘળી ઇચ્છા પૂર્ણ કર વાનું તમારા હાંથમાં છે, હું અંહીઆ કેવી સ્થિતીમાં છું એ તમે જાણોછોજ. પૈસો ઘણો છે અને વેપાર સારી પેઠે ચાલ્યો છે. પરંતુ તેથી સુખ ભોગવાનું સાધન નથી. આ આવા શેહેરમાં પાસે જોઇએ તેટલો પૈસો છતાં કેવળ ધર્મશાળામાંનાં ગોસાંઇ સરખો હું છું. ત્યારે વિનતિ એટલીજ છે કે મારીપર દયા કરીને મને સંસારમાં

વળગાડો, અને મારા ચિત્તનું સમાધાન, કરી આપો."

આ પ્રમાણે બોલવું સાંભળતાંજ ગોદાવરીનો ચેહેરો જુદાજ પ્રકારનો દેખાવા લાગ્યો. તેણીને આ બોલવું મનથી ગમ્યું, તેથી આનંદ, અને તેમ જ લજ્જા, જે આજ દીન સુધી તે ચેહેરાને ખબરજ ન હોતી, તે દેખાવા લાગી. ગૌરીશંકરે આ બોલવું મોટા આનંદથી કબુલ કર્યું તે બોલ્યો, " હું આવી વિપત્તીમાં હોવા છતાં ભાગ્યવાન ખરો, કારણ કે મેં જે ઇચ્છા મનમાં રાખી હતી તે પુરી થઇ. આ રત્નના તેજથી આજ દીન સુધી આ વિપત્તી ભોગવવી

પડી, અને હવે મારા દિવસ પુરા થવા આવ્યા, ત્યારે હવે આ સુંદર રત્ન કોના હસ્તક સોંપવું એ બદલ આખી રાત તથા દિવસ કાળજી હતી, તે આજ તમે દુર કરી તેથી હું તમારો ઘણો ઉપકાર માનું છું હવે મારૂ જીવતર સફળ થયું, અને પરમેશ્વર આ સુંદર જોડાના દેખતાં જલદી મારી આંખ્યો બંધ કરે અને આ મારા વાહલા જીવનો હાથ તમારા હાથમાં નાખી દે એટલે હું સોનાના વિમાનમાં બેસીને ગયો એમ થશે ગૌરીશંકરનું આ અંતકાળ વિષેનું ભાષણ સાંભળીને ગોદાવરીને ઘણુંજ ખરાબ લાગ્યું.

ગૌરીશંકરે હવે જીવવાની આશા રહી નથી એવું કહી દેખાડયું, અને ખરેખર તે દિવસથી તેનું શરીર અધિક અધિક ક્ષીન થતું ચાલ્યું. મહિના પંદર દિવસમાં તે વર કન્યાને સેની સોબત હવે થોડા દિવસની છે એવું ખુલ્લું જણાઇ આવ્યું. ભોળાનાથે દવાદારૂ ઘણી કરાવી, બરદાસ્ત માટે બે નોકરો સેવામાં રાખ્યા, અને જેથી કરીને રોગીને સુખ અને આરામ થાય તે સઘળું કર્યું, અને તે ઉપાયથી તબીયત જરા સુધર્યા જેવી દેખાવા લાગી.

એક દિવસ બપોરે ગૌરીશંકર તકીયે ટેકો દેઇને બેઠા હતા અને પાસે મહા

લક્ષ્મી માસી અને ગોદાવરી પણ હતી. એટલામા ભોળાનાથ પણ ઓચીંતાનો આવી લાગ્યો અને નિચે સતરંજપર બેઠો. તે તેની હમેશાં આવવાની વેળા નહોતી અને આજ તેનું મોં પણ છેક ઉતરી ગયું છે એમ દેખાયું ગૌરીશંકર ને પણ તેનો વિલક્ષણ ચેહેરો જોઇને જરા ટટાર થઇને તેની તરફ ટીકીને જોવા લાગ્યો. ગોદાવરી પણ કાળજીથી જોવા લાગી અને તેણીના જોવાથી તો તેનો ચેહેરો વધારે દિલગીરી ભરેલો દેખાવા લાગ્યો. કેટલોક વખત આ પ્રમાણે ગુપચુપ સમાધાનીમાં ગયા પછી ભોળાનાથે નિશાસો નાંખી કહ્યું કે, "આજ મારાપર મોટું સંકટ આવી ગુજર્યું છે.

મારો દ્રવ્યનો સઘળો આધાર જતો રહ્યો અને મને ગરીબાઈથી મેહેનત કરી ગુજરાન ચલાવવાનો વખત આવ્યો છે. વેપારમાં આવી જબરી ખોટ કોઇને પણ કોઇ દિવસે લાગી નહી હોય, પરંતુ તેથી પણ હું ડર્યો નહોત. આ નુકસાનીની વાત મારા એક ચાકરે ગઈ કાલેજ મને ખબર કરી તેની ઉપર મારો વિશ્વાસ ઘણો હતો, અને તેને સઘળી ઘરમાંની માહિતી હતી. તેને કદાચિત એમ લાગ્યું હોય કે, હવે મારી પાસે રહેવામાં કાંઇ ફાયદો નથી, ત્યારે જે કાઈ હાથમાં આવે તેટલાથી કામ કાઢી લેવું. એવા ઈરાદાથી મારી ઝવેરાતની પેટી રાત્રે લેઈ જઈને મો કાંળુ

ક્રું. તેમાં પાંચ પચાસ હજાર રૂપીઆ ની કીમતનો જે કાંઈ માલ હતો તે પણ ગયો, અને આજ એકદમ મારાં સઘળાં સુખ અને મોટાઈ જતાં રહ્યાં છે. હશે ? જેમ ઈશ્વરની મરજી!"

ભોળાનાથનું આ ભાષણ સાંભળીને તે ડોસાના મનપર કાંઈ જુદીજ જાતની અસર થઈ, તેથી તેનાથી એક શબ્દ પણ બોલાય નહિ એવું થયું. બિચારી ગોદાવરી પોતાના ભવિષ્યમાં થનાર પતિનું મન નવી વિપત્તીથી ફરી દુઃખ માં આવી પડયું તેથી ઘણી દિલગીર થઈ. તેણીને એમ લાગ્યું કે, આ પ્રસંગે તેમની સાથે જો છુટથી વાતચિત કર

બા તેણીને મળત, તો પોતાની પ્રીતથી અને મધુર ભાષણથી તેનું અરધું દુઃખ દુર કરત.

એવા વિચારમા તે પડી હતી ત્યારે ભોળાનાથ તેણીના મુખની ચર્યા બારીક નજરથી જોયા કરતો હતો. તથાપિ જોયું ન જોયું કરીને આગળ બોલવા લાગ્યો," તમે તમારી સુંદર કન્યાને માટે સારૂં ઘર જોયું હતું અને હું પણ તેથી મોટા આનંદમાં હતો. પરંતુ મારા કમનસીબથી તે સુખનો અનુભવ લેવા પેહેલા એ આશા ભંગ થઈ અને તમને પણ ફરી બીજું યોગ્ય ઠેકાણું જોવાની કાળજીમાં અને સંકટમાં આવવું પડયું!"

આ બોલવું સાંભળતાં ગોદાવરી તરતજ મહાલક્ષ્મી માસીને ગળે વળગી પડી અને રડતી રડતી બોલી, "એવું કાંઈ મનમાં લાવતા નહિ. મારૂં લગ્ન પૈસા સાથે અથવા મોટાઈ સાથે કરવાનું હતું એમ નથી. મને જેમને સ્વાધીન કરવાનો ઠરાવ કર્યો છે તે ગમે તેવી હાલતમાં હોય, તોપણ હું હવે તેમનીજ છું. તેમને મોટું દુઃખ થયું છે, અને તેઓ મોટાં સંકટમાં છે, તોપણ હું કામકાજ કરીશ, તેમની સેવા કરીશ સમાધાનથી રહીશ, તેમની સાથ મધુર ભાષણ કરીશ અને તેમનું દુઃખ ભુલાવવા પ્રયત્ન કરીશ. તેમનાથી આખું જગત કંટાળી જાય તોપણ હું તેમના

દાસી સેવામાં તમર રહીશ હું મારૂં અંતઃકરણ એમને અર્પણ કરી ચુકી છું અને અન્ય પુરૂષ તેથી મને આગ્રહ છે, માટે માસી બીજો કાંઈ, વિચાર મનમાં લાવીશ નહિ, એ વિષે. મારા મનનો ઠરાવ ક્યારથીજ થઇ ચૂકયોછે' અને તે હવે ફરવાનો નથી." ગવરીશંકરે, આ બોલવું સાંભળીને ગોદાવરીને પોતાના ખોળામાં લીધી. મહાલક્ષ્મી માસીનુ તો રડવું અટકેજ નહિ, અને તે વખતે તેનું પણ અંતઃકરણ ભરાઈ આવ્યું. ભોળાનાથે પોતાનું હૃદય આવે વખતે જોઈએ તેટલુ કઠણ કીધું હતું, પરંતુ આ વખતે તે પણ ગદ્ગદીત થયો, અને ગવરીશંકરનું સમાધાન કરવા માટે

પલંગ પર આવીને બેઠો. તે વખતે ગવરીશંકરે ગોદાવરીનો હાથ તેના હાથામાં આપ્યો. અને બોલ્યો,—"મારે હવે વધારે દિવસ જીવવું નથી. આ રત્ન કેવું છે એ તમે જોયું છેજ. તે આજે હું તમારે સ્વાધીન કરૂંછું, અને હું હવે જાઉંછું. આનું સર્વરીતે પાલન કર્ત્તા આજથી તમે છો." ત્યારબાદ સારૂં મુહૂર્ત જોઈને તેઓએ લગ્ન સંમારંભનુ કામ ઉકેલી લીધું. પરતું ગવરીશંકરની પ્રકૃતીને ઉપરની વાતથી જે ધાસકો બેઠો હતો તે ફરી ઠેકાણે આવ્યોજ નહિ. લગ્ન થયા પછી એક મહિનામાંજ તે દુષ્ટ કાળના પંજામાં સંપડાયો. પતિના મરણથી મહાલક્ષ્મી માસીને

અતિશય દુઃખ થયું; ગોદાવરી તેણીનું સમાધાન કરવાની ઘણી કોશેશ કરતી, પરંતુ તેથી તેણીને ઉલટું અધિકજ દુઃખ થતું. મહાલક્ષ્મી માસી દહાડે દહાડે વધારે સુકાતી ચાલી અને છેવટે તે પણ ગવરીશંકરના મરણ પછી બે મહિને દેવલોક પામી. ગોદાવરી અને ભોળાનાથનું લગ્ન થયા પછી તરતજ તેઓ એકલા રહેવા લાગ્યા. ભોળાનાથે અને ગોદાવરીએ સુમારે છ મહિના ગરીબાઈમાં પણ મોટા આનંદમાં ગુજર્યા. પણ ફરી ભોળાનાથના પેહેલાના દુષ્ટ અનુભવે તેને સુખશાંતીમાં રહેવા દીધો નહિ. પોતાની પત્નિ આવી ગરીબાઈમાં રહેવા છતાં સમાધાનથી અને આનંદથી

રહેછે એનું કાંઈક બીજુંજ કારણ હોવું જોઈએ. તેને એમ લાગ્યું કે, ઘરમાં સંતોષ માનવા જોગ કાંઇ પણ સગવડ નહિ છતાં તે સમાધાનથી રહેછે, તો આપણે જેથી અજાણ છીએ એવાં કાંઈ સુખના સાધંનો તેની પાસે હશે. મતલબ કે તેને તેણીના પાતિવૃત્ય વિષે વેહેમ આવ્યો.

ભોળાનાથના મનમાં પોતાની પત્નિ વિષે વેહેમ પેઠો ત્યારથી તેની વૃતિ પેહેલાંની માફક ખીન્ન અને ચિંતાતુર દેખાવા લાગી. તેની પત્નિનું મન તો સદ્‌ગુણથી સાદું અને સદ્‌વર્તણુકથી ખરા ભરોંસાનું હોવાને લીધે આવા

પ્રકારની આફ્ત આપણી ઉપર આવશે એવું તેણી સ્વપ્નામાં પણ ધારતી નહોતી. પોતાના પતિનું મન બદલાઇ જવાનું કારણ તે સમજી શકી નહિ અને તેથી તે ચિંતામા પડી. તથાપિ આગળ જેમ પોતાના આનંદી સ્વભાવથી તેના મનની દિલગીરી દુર કરતી હતી, તેમજ હમણાં પણ તેવીજ સુંદર વર્તણુંકથી તેનું મન પ્રસન્ન થશે એવું તેણીને લાગ્યું. તેથી પતિ વિષે તેણીને જે દુઃખ થતું હતું તે સઘળું પેટમાં સમાવીને, તે તેના દેખતાં હમેશા આનંદમા અને સમાધાનમાંજ અગાઉની માફક રહેતી. પરતું તેણીના કમનશીબથી તે ધારેલા ઓસડથી ઉપકાર ન થતાં ઉલટો અપકાર થવા

લાગ્યો, અને ભેળાનાથનો માનસિક રોગ દહાડે દહાડે વધતો ગયો. તેને એ રીતભાત, છાણથી ભરી ધોઇના મોડીઆ ઝીલેલા દેગડા જેવી લાગી અને છેવટે આવા વેહેમના દુઃખમાંથી ગમે તે રીતે છુટા થવાનું તેના મનમાં આવ્યું.

એક દિવસે સાંજરૈ વાળુ પાણી થયા પછી ભોળાનાથે પોતાની સ્ત્રીને જણાવ્યુ કે,—"કાંઇ કામને માટે મારે પરદેશ જવું છે, અને ત્યાં સુમારે પાંચ છ મહિના તો લાગશેજ. હું ઘેર પાછો આવું ત્યાં સુધી તને કોઇ વાતે ઘરમાં અડચણ છે એમ નથી. તને ઘરમાં કાંઈ વાતચિત કરવા જ.રૂર લાગે અગર

કાંઇ કામ પડે તો મેનાને કહી મોકલજે, એટલે તે આવીને ઘરમાં રહેશે. તેણીની પણ હાલ ખાવાની પંચાતજ છે, અને તે તારે માટે મોટા આનંદથી આવશે." આ પ્રમાણે સાંભળતાંજ બિચારી ગોદાવરી તદન બેહોંશ થઈ ગઇ. મો રડવાં જેવું થયું અને કાંઇ પણ બોલાય નહિ એવું થયું. આટલા દિવસ તેણીના મનને જે દુઃખ લાગતું હતું તે માત્ર સારા પરિણામ માટેજ હતું;—પોતાના પતિ સાથે એકાદ વખતે પણ મધુર શબ્દ મેળવીશ, અને છેવટે તેના મોં તરફ જોઇને આપણા સઘલાં દુઃખનો છેડો આવશે એવી તેણીને આશા હતી. પરંતુ હવે તેણીની સઘળી આશાનો

ભંડાર પાંચ છ મહિને પાછો આવનાર, એ આશાના ઝીણા તંતુને લટકતાં રાખ્યા પ્રમાણે તેણીને લાગ્યું. આ સઘળાં મનના વિચાર બોલી બતાવવાની તેની છાતી ચાલી નહિ. છેવટે આ સમયનું દુઃખ સહન ન થવાથી તેણીને એકદમ રડવું આવ્યું. ભોળાનાથે સાધારણ રીતે તેણીની સમજુત કરીને પોતાના ગયા પછી ઘરમાંના બંદોબસ્ત માટે થોડું ઘણું કંઈ કહ્યાં જેવું કર્યું. પછી હમેશની માફક સુઈ ગયો.

આ રાત્રે ગોદાવરીના મનને કેવું થયું હશે એ વિષે અમારી વાંચનારી બ્હેનો અને બાઈઓએજ વિચાર કરવો તે વખતે માબાપની યાદ લાવવાને પણ

તેણીનું ચિત્ત ઠેકાણે નહોતું. પતી વિષે અત્યંત પ્રીતિ હોવાને લીધે તેણીનું સઘળું ધ્યાન તેની તરફજ લાગેલું હતું. જરા રહીને ભોળાનાથને ઉંઘ લાગી હશે એમ તેણીને લાગવાથી તે તેની પાસે જઇને બેઠી, અને મોટા પ્રેમથી તેના અંગપર હાથ ફેરવીને તેના પગપર માથું મૂકીને ઘડી વિસામો લેતી થઇ. પછી ત્યાંથી ઉઠીને દિવાની જોત જરા સંકારીને તેના અંગપર એક હાથ નાખીને મુખ તરફ ટક ટક જોવા લાગી. તેણીને એમ લાગ્યું કે હો ઘણાં દિવસ આ મુખારવીંદ તથા આ અંગ આપણી નજરે પડનાર નથી, અને આ વિચાર મનમાં આવતાંજ તેણીની આંખો ફરી ભરાઇ આવી અને

દડ દડ આશ્રૂધાર વહેવા લાગી. આ તમ આંસુ ભોળાનાથના ગાલપર પડતાંજ તેનું શરીર એકદમ ધ્રુજવા લાગ્યું પત્નીની આવા પ્રકારની નિર્મળ પ્રીતિ નજરે પડયાં છતાં તે દુષ્ટ વેહેમનો અમલ પતિ ઉપર રહેવો જોઇતો હતો કે? આ વખતે તે ગરીબ બિચારીને ખરા અંતઃકરણથી અને આનંદથી આલિંગન આપ્યું હોત, તો તેણીના મન ઉપરથી કેટલો બોજો ઉતર્યો હોત? અને તે દુઃખના વિનાશથી કેટલું સુખ પ્રાપ્ત થયું હોત? પરંતુ સાર અસારના વિચાર જોવા તરફ માણસનું મન લાગે એટલે સહાઉક પ્રવૃતિ નષ્ટ થાય છે; અને તેથી કોઇ કોઈ વખતે થનારા લાભ પણ

જતા રહેછે. ગોદાવરીને દુઃખના ત્રાસથીજ ઉંઘ લાગી ગઈ અને સવારે ઉઠીને જુએ છે તો ઘરમાં પોતે એકલીજ ! ! !

ગોદાવરી તે દિવસે સાંજરે મેનાને પોતાને ત્યાં તેડી લાવી. ત્યાં સુધી વખત કેમ અને કેવી રીતે ગયો તેની પણ તેણીને શુદ્ધ નહોતી. ઘરમાંનો કચરો પણ નિકળ્યો નહોતો; પછી જમવા ખાવાનું ક્યાંથી સુજે ! સઘળું ચિત્ત પતિ તરફ લાગી રહ્યું હતું. તેણીનું દુઃખ માત્ર પોતાનું એકલપેટાપણાનું નહોતું; પ્રિય પતિ આપણને છોડી ગયો, પાસે માબાપ અથવા બીજો કોઇ પણ સંરક્ષણ કરનાર નથી, ત્યારે આ દુનિયામાં આપણું કેમ થશે એ બાબદની મોટી

કાળજી તો ખરી; પરંતુ આ વખતે આવી કાળજી માટે તેણીના મનમાં જગા નહોતી. કારણ કે, પોતાનો પતિ કેવી હાલતમાં હશે, તેનો ઉદાસી સ્વભાવ તેવોજ હશે કે શું, અથવા તેને વધારે દુઃખ થતું હશે કે કેમ એ વિચાર મનમાં આવીને તેણીનું ચિત્ત એકસરખું તેના તરફ લાગેલું હતું. મેના ઉપર ગોદાવરીની માસી ઘણી દયા રાખતી હતી, અને તે તેણીને ઘરના માણસ પ્રમાણે માનતી હતી. આ કારણથી મેના દાસી ગોદાવરી ઉપર ઘણી મમતા રાખતી હતી. તેણીએ ગોદાવરીની આવી અવસ્થા જોઈને ઘણી દીલગીરી બતાવી, અને જરા ગુસ્સાથી પણ જરા મીઠાં મધુર વચનથી બોલીને

નહાવા સારૂં ઉઠાડી. અને તેની પાસે રસોઇ તૈઆર કરાવી પરંતુ આ સઘળાં કામો ગમે તેમ સાધારણ રીતે ગોદાવરીના હાથે થયાં. કારણ તેણીનું ચિત્ત ઠેકાણે નહોતું. જમવાનું પુરૂં થતાં સુધીમાં એ ઘડી રાત્ર થઇ પછી મેના ડોસી જમવા બેઠી છે, તેને જમતાં સુધી કોઇ એકાંત જગ્યામાં જઇને બેસું એવું મનમાં આવ્યાથી અગાસીમાં જ્યાં ચાંદણી ખીલી રહી હતી ત્યાં ગઇ. તે ઉંચી જગ્યાપરથી તે ચોતરફ જોવા લાગી, તો સફેદ ચાંદણીમાં તે શેહેર શાંત અને રમણિય દેખાય છે, એવું જોવાથી તેણીના ચિતાંતુર અંતઃકરણને પણ જરા વિસામો લાગ્યો. ઉપર આકાશમાં, તારા મંડળની શોભા

અને અર્ધ ચંદ્ર બિંબની પ્રભા જોઈને તેની દુઃખિત સ્થિતીને વિસારે પડ્યાં જેવું થઈ તેણીના મુખપર આનંદની સુરકી દેખાવા લાગી. પરંતુ આ સારી હાલતનો અનુભવ લે ન લે એટલામાં તેણીના મનમાં આવ્યું કે, આવા આ-નંદમાં આપણો પતિ પાસે હોત તો તેનું ઉદાસીપણું કાંઈક પણ ઓછું થાત. અને એવા વિચારના યોગથી તેણીના મુખચંદ્રપર ફરી કાળા વાદળાં ચઢી આવ્યા પ્રમાણે થયું. આ આવી સ્થિતીમાં ઉભી છે તે વખતે મેના ડોસીની હાંક તેના કાને પડી અને તેથી આ સ્વપ્નામાંથી જાગૃત થઈને તે નીચે ઘરમાં ગઈ.

એ ચાર દિવસ આ પ્રકારે ગયા.

વખતના વિતવાથી અંતઃકરણની વ્યથા ઓછી થવી જોઇએ તે ન થતા ઉલટી અધિક વધતી ચાલી છે, એવું તેણીના નિસ્તેજ અને ચિંતાતુર ચહેરા ઉપરથી દેખાવા લાગ્યું. હમેશાં સાંજરે અગાસી ઉપર એકાંત જગ્યામાં બેશીને એકંદર તારા મંડળથી સુશોભિત સૃષ્ટીનો કરેલા પસારો ચિંતાતુર થઇને તેણીએ જોતાં બેસવું. આ આવી સૃષ્ટીમાં જ્યાં જોઇએ ત્યાં આનંદ છે, માત્ર આપણા પતિનેજ આનંદ કેમ ન થવો જોઇએ, એવું શું દુઃખ છે કે તેને આપણા હાથથી ઉપાય બનાર નથી,—એવા પ્રકારના વિચાર તેણીના મનમાં ઘણાં આવવાં લાગ્યાં. પરંતુ અનુભવિક માણસના સુખ દુઃખના

જે અનેક કારણો રહેછે તે સાદા અંત
કરણના સપાટામાં પ્રત્યક્ષ દેખાડ્યા શિવાય
આવતા નથી. એક. દિવસે સાંજને
સમયે ગોદાવરી અગાસી ઉપર એકલીજ
બેઠી હતી ત્યારે તેણીની નજરે સહજ
તે રસ્તા તરફના ઘરપર ગઇ. ત્યાં મેડા
પર બારીમાં એક તરુણ સ્ત્રી પોતાના
બાળકને રમાડવા માટે ખોળામાં લેઇને
તેની તરફ મોટા આનંદથી જુએ છે એવું
તેણીની નજરે પડ્યું. આ સ્ત્રીનો તે
આનંદ જોઈને ગોદાવરી પોતાનું દુઃખ
કેટલીકવાર સુધી ભુલી ગઈ. અને તેણીનું
ઉદાસ અંતઃકરણ પણ ઘડી સુધી આનં
દી થયું. એટલામાં તે સ્ત્રીને દાદર
પરથી કોઈ ધીમે ધીમે ચડેછે એવું લાગ

ચાથી પોતાના બાળકને જ્યાં ત્યાં સંભાળી ને ગડબડમાં ઉઠી, અને બે પગલાં આગળ જાયછે તો તરતજ તેનો પતિ સનમુખ આવીને ઉભો રહ્યો. તેણીએ તરતજ હાસ્યમુખથી તેની તરફ જોઇને બાળકને તેની પાસે આપવા માટે આગળ કર્યો, અને તેને લેતી વખતે તે પુરૂષે પોતાની સ્ત્રીનું ઘણું પ્રીતથી મુખ ચુંબન લીધું. આ સઘળું ગોદાવરીની નજરે પડતાંજ જેમ કોઇ સ્વપ્નામાંથી ગભરાઇને જાગું થાય એમ તેણીને થયું. અને આપણા પેટે પુત્ર નથી એજ સઘળું પતિના દુઃખનું કારણ રહેવું જોઈએ, એવું તેણીના મનમાં આવીને ઘણાં નિરાશાથી નિસાસો છોડયો.

પોતાના પતિના દુઃખનું સઘળું કારણ પેટે પુત્રસંતાન નથી એજ રહેવું જોઈએ, એવું ગોદાવરીના મનમાં પક્કું ઠસી ગયું. તેણીએ વિચાર કરી જોયું કે, આપણું લગ્ન થવાની આગમજ, પાસે પુષ્કળ પૈસો છતાં પણ તેમની એવીજ ચિંતાતુર વૃત્તિ હતી તેનું કારણ આ શિવાય બીજુ શું હોવું જોઈએ? તેમ જ, આગળ લગ્ન કરવાનો હેતુ પણ પુત્ર પ્રાપ્તિને માટેજ હશે. અને તેથીજ થોડા દિવસો આનંદમાં ગયાં. પરંતુ મનોરથ પૂર્ણ થવાનો સંભવ ન દેખાયાથી ફરીથી પહેલાંની માફક તેનું મન ઉદાસી થયેલું રહેવું જોઇએ. આ કારણ વગર બીજું કારણ હશે, એવી કલ્પના

તેણીના નિર્મળ અંતઃકરણમાં ક્યાંથી આવનાર ?

ગોદાવરીને હવે જુદાં પ્રકારની કાળજી પેદા થઈ. આટલા દિવસ તેણીનું દુઃખ સંશયથી ભરપુર હતું, હવે દુઃખ જણાયાને લીધે કંઇ ઉપાય શોધી કાઢવા-નીજ કાળજી લાગી પરંતુ ઈશ્વરાધિન વાતોને મનુષ્ય શું કરનાર છે ? એવા વિચારથી તેણીને પોતાના પતિના દુઃખનો છેડો જણાયો નહિ. આવી હાલતમાં એકાદ વખતે મનમાં જરા શરમાયા જેવી થઈને પોતાના પતિના અધીરાપણા માટે તેને ઠપકો આપવો એવું તે મનમાં લાવતી. તો પણ હવે તેણીનુ

સઘળું ધ્યાન એકજ હેતુ તરફ લાગી રહ્યું. જાતે સ્ત્રીજ પંડી, એટલે પુત્ર પ્રાપ્તિ વિષે અતિશય ઉત્સુકતા હોય એની નવાઈ નથી. પરંતુ હવે આ હેતુ ન થવાથી પોતાના પ્રિય પતીનું દુઃખ નિવારણ કરીને તેના મનને અત્યાંનદ થનાર એવું તેણીને લાગવાથી તેણીનું અંતઃકરણ કેટલુ ઉતાવળું થયું હશે તે જણાય છેજ. આપણી ઊપર ઇશ્વરની કૃપા કેવી રીતે થશે, તે થવાનો માર્ગ બતાવનારો કોઈ પણ ધન્ય પુરૂષ મળશે કે નહિ ? એવાં વિચાર તરફ તેણીનું મન લાગ્યું. તેણીને પોતાના મનમાંનું દુઃખ બાહેર કહેવાને કોઇ પાસે જીવલગ નહોતું. એવા એકાંતવાસથી તેણીને

ઘણું અઘરૂં લાગતું. તેણીને પોતાની માતા હમેશાં યાદ આવતી. વળી તેણીના મનમાં એમ પણ આવતું કે, તે જો આ વખતે પાસે હોત, તો કાંઈ પણ ઉપાય બતાવત. તથાપિ તેણીએ પોતાની ટુંક સમજુત પ્રમાણે હમેશાં કેટલોક વખત ઇશ્વર પ્રાર્થનામાં કાઢવાનો નિયમ કરીને તે પ્રમાણે ચાલવા લાગી. આપણી ભોળી સ્ત્રીઓની માફક બાધા વગેરે રાખી પરમેશ્વરને ઠગવાની યુક્તિ તે જાણતી નહોતી સાંજ પડે કે અગાસીપર જઇને બેસતી, અને પોતાના પતિનું મનમાં સ્મરણ કરીને, નજર આગળ સૃષ્ટી સૌંદર્યનો રમણીય દેખાવ જોતાં, તે સઘળું પોતાના અંતઃકરણમાંનું દુઃખ નિવારણ

કરવાને અસમર્થ થાયછે, એ પ્રત્યક્ષ અનુભવથી દેખાઇ આવેછે. કોઈ કોઈ વખતે તે સામેની બારી તરફ જોતી બેસતી, અને કોઇ સુંદર સ્ત્રી અને તેણીનું બાલક નજરે પડયાથી ઘડીભર તેણી સઘળું દુઃખ વિસરી જતી. એ પ્રમાણે બીજા પંદર દિવસ નિકળી ગયા.

એક દિવસે સાંજરે સામેના ઘર તરફ જોતી હતી ત્યારે ત્યાંજ તેની પડોસના ઘરની એક બારીમાંથી કોઇ પોતાના તરફ જોઇને હાથ અને ડોકું હલાવેછે એવું તેણીએ જોયું. આ ઈસારાનો હેતું તે કાંઇ પણ સમજી શકી નહિ. કારણકે સાંજરે અંધારૂં થવાને લીધે બરોબર

ઓળખી શકી નહિ કે આ શું રહેવું જોઇએ, એ વિષે તે કાંઈ પણ અટકળ તે દિવસે બાંધી શકી નહિ .બીજે દિવસે તેજ વખતે તેજ ઠેકાણે તેજ પ્રકાર નજરે પડયો. ત્રીજે દિવસે, તેમજ ચોથે દિવસે એમજ થયું. એ શું રહેવું જોઈએ! કોઇ પણ હેતું તરફ મન એક સરખું લાગેલું હોય, ત્યારે મગજ હલકું થયલું રહેછેતેની પર વ્યવહારીક વિચારનું ધ્યાણ રહેતું નથી, અને સારાસાર જોવાનું સામર્થ પણ રહેતું નથી કાંઇ પણ જરા નવાઇ જેવું જોયું કે તેનો સંબધ પોતાના ઇચ્છિતાર્થ તરફ રહેવો જોઇએ એમ લાગેછે. આ, કોઈ પણ તરેહની બનાવટ કૃતિ રહેવી જોઇએ,

અગર નહિ તો કદાચિત તે આપણા હિત માટે હશે એમ ગોદાવરીને લાગ્યું. તે પુરૂષ તરફ વળીને ત્યાંથીજ હાથ જોડીને નમસ્કાર કર્યા, અને પોતાની તરફ આવવા માટે હાથથી ઇસારો કર્યો. કેટલેક વખતે તે પુરૂષ ઘરમાંથી એકદમ ઊપર ચઢીને અગાસીપર આવ્યો, તેણે માથાપરથી પગસુધી સફેદ ચાદર વિંટાળી લીધી હતી; અને તે વખતે અંધારૂં પણ કંઇ ઓછું પડયું નહતું, તેથી આ કોણ કેવા પ્રકારનો પુરૂષ એ તેણીને સમજવા જોગ નહોતું. તે ઉપર આવતાંજ ગોદાવરીના મનમાં જરા ધાસ્તી પેદા થઇ. તેણીએ ફરીથી નિચે નમીને તેને નમસ્કાર કર્યા, અને હાથ જોડીને તે

એક ખુણામાં ઉભી રહી. થોડા વખત પછી તે પુરૂષ ગંભીર અને ધીમે સાદે બોલ્યો:— " અરે સ્ત્રી, તારા અંતઃકરણમાં જે કાંઇ હોય તે કહે, ડરીશ નહિં." આ પ્રમાણે એકદમ ખુલી રીતે પુછવાથી ઉતર આપવાની તેણીને એકદમ છાતી થઇ નહિ. કેટલીકવાર પછી તે પુરૂષે ફરી તેણીને જબાબ આપવા માટે કહ્યું. ત્યારે તે ડરતી ડરતી પોતાના મનમાંનો પુત્રપ્રાપ્તી વિષે ઈચ્છા ઉત્પન થવાનું કારણ કહીને, ઈશ્વર કૃપા થાય એવા માર્ગે લગાડવું અને પતિનો વિયોગ જલદી પુરો થાય અને તે જલદી ઘેર આવે, એ માગ્યું તે પુરૂષે થોડો વિચાર કર્યા જેવું ડોળ બતાવ્યું

અને પછી તે બોલ્યો, "આ બંને વાતો તારા મન પ્રમાણે ઘડી આવવાને અડચણ એટલીજ છે કે, તેના સાધન માટે જે કૃત્યો કરવા જોઇએ તે ઘણાં અઘરાં છે, અને તારા હાથે તેટલાં કદાચિત થશે નહિ." એમ બોલીને ફરી વિચારમાં પડયો હોય એવું ડોળ બતાવ્યું ગોદાવરીએ તેનું ભાંષાણ સાંભળતાંજ ઉત્તર આપ્યો, "પતિ પાછો આવવા માટે અને પુત્રપ્રાપ્તિ વિષે ગમે એટલું સાહસ કરવું પડે તોપણ તે હું આનંદથી કરીશ. તે ઉપાય કઠીણ હોવાને લીધે મારા હાથથી થશે અગર ન થશે એવી મનમાં શંકા લાવવાનું કાંઈપણ કારણ નથી." એમ કહીને ફરી તે તેના પગે પડી. તેણે

કહ્યું કે "જો તારો એવો ઠરાવ છે, તો આવતી કાલે સાંજરે બે ઘડી પછી હું અંહિઆ આવીશ. પછી હું ઇસારો કરીશ ત્યારે મારી પાછળ આવજે. પરંતુ ઘરના બારણાં બહાર પગલું નાખ્યા પછી ત્રણસેં તેત્રીસ પગલાં જતાં સુધી ક્યાં જવાનું કરી પુછીશ નહિ. પછી જે કાંઇ કરવાનું તે સમજાઈ જશે. રાતના એકલા પુરૂપ સાથે બહાર જવું એ વિચારથી જરાવાર તેણીના મનમાં ધાસ્તી લાગી. તથાપિ આવા પ્રકારની સાધારણ ધાસ્તી અથવા અંદેશાથી મનમાંનો મુખ્ય હેતુ વધારે બળવાન રહેવાને લીધે બહુ વખત વિચારમાં જવાં ન દેતાં, તે પ્રમાણે કરવાને

તૈયાર રહીશ, એવું તેણીએ કહ્યું.

બીજે દિવસે ઠેરવેલે વખતે ગોદાવરી તે પુરૂષની પાછળ તેના કહેવા પ્રમાણે ચાલી. તે ઘર છોડી ત્યારથી પગલા ગણવા લાગી, તેથી ગામની બહાર કઈ બાજુએ આપણે ચાલ્યા છીએ એ, અથવા બીજો કોઇપણ વિચાર કરવાનો તેણીને ફુરસદ મળી નહોતી. તેટલાં પગલાં (કદમ) ગયાં પછી તે પુરૂષેજ તેણીને કહ્યું કે "હજુ આટલુંજ જવું છે; એ પ્રકારે ગામની વસ્તી છોડીને બંને ઘણાંજ દુર આવ્યા. ત્યાંથી સાધારણ કોઇ ગામમાં પહોંચવા જોગ નહોતી. પરંતુ ત્યાંથી નજદીકજ થોડે છેટે એક

મોટું ઘર રચીને તેમાં દીવા લાગેલા છે, એવું દેખાતું હતું. એવી જગોમાં તે પુરૂષ ઉભો રહ્યો. અને હાથમાંની લાકડી નાંખીને તે બોલ્યો—"હું તને આટલે દૂર લેઈ આવ્યો તેનું કારણ કહું છું, અને મારા કહેવાને તું કોઇપણ પ્રકારે ના કહીશ નહિ એ મારો પુરો ભરોંસો છે. હું જે કાંઇ કહેવાનો છું તે તારા સુખની વાતછે. તારો પતિ તને છોડી ગયો છે અને તેની પાછી આવવાની આશા નથી. એ જરા વિચાર કરી ને જોઇશ તો તને સમજાશે. અને તેનો જવાનો મુખ્ય હેતુ એજ કે, તું પાસે નહિ. જોઇએ ત્યારે તે પાછો આવીને તારી પાસે સુખથી રહેશે એનો બિલકુલ

ભરોસો નથી. તું રૂપવંતી છે અને હું તારા પતિને લાયક છું. તું રોજ દુઃખમાં રહેછે એ જોઈને મને ઘણું ખરાબ લાગેછે, અને તેથીજ મારા અને તારા સુખને નિરાંત કરી આપવી તે માટે તને આજ અંહિઆ લેઇ આવ્યો છું. આ સામેનો મોટો દીવો સળગે છે તે ઘર અને પેલો બાગ એ સઘળું મારૂં છે, અને હવે પછી સઘળું તારૂં થશે. તારા ભરથારે તને દુઃખ ભોગવવા લગાડયું. અને આવા જુવાનીના દિવસમાં તે તને એકલીને મુકી ગયો, તેથી આજ સુધી તને ઘણું દુઃખ ભોગવવું પડયું. હવે આગળ એવા દુઃખના દિવસ આવનાર નથી; અને એક વખતે તું મારી થઇ,

એટલે આ સઘલા વૈભવની માલેક તું થઇશ. તો મનમાં કાંઇપણ સંદેહ અથવા ડર ન લાવતાં મારા સાથે મંદિરમાંચાલ.

આ બોલવાને આરંભ થયો ત્યારથી તેનું સ્વરૂપ તેણીના ધ્યાનમાં આવતાંજ ગોદાવરીના મનમાં ધાસ્તી પેદા થઇ. અને અંધારી રાત્રે ગામની બહાર એકલી કપટી માણસના પંજામાં નિરાશ્રિત થઇને સપડાઇ છું, એ વિચાર એક ઘડી માં મનમાં આવીને આ પ્રસંગે ભયંકર સંકટ પ્રત્યક્ષ તેણીના નજર આગળ ઉભું રહ્યું. એ વખતે તેણીને બારેજડીના માણેકલાલની યાદ આવી. પરંતુ તે વખતે આ.તી નિરાધાર નહોતી અને તે પ્રસંગ

પણ આટલો ભયંકર નહોતો. ગોદાવરીને હવે ખચીત લાગ્યું કે, આ સંકટ જીવપરનો છે? કારણ. કે, પ્રાણ અને પાતિવ્રત્ય બંને હવે રહેશે એવી તેણીને આશા નહોતી. પરંતુ તેણીના મનમાં આ વખતે પોતાને વિષે કાંઇપણ વિચાર ન આવતાં, પતિના સમાધાનપણા વિષે જે હેતુ હતો તે હવે હું મરી ગયા પછી પુરો થનાર નથી, એજ વિચારથી તેણી ઘણાં ગુંચવાડામાં પડી, મોં રડવા જેવું થયું, હાથ પગ થરથર ધ્રુજવા લાગ્યા. તે તેની તરફ ન જોતાં છેક નિરાસ થઇ બોલી, "તમે કોણ છો તે હું જાણતી નથી. તો પણ પરમેશ્વર તમને સારી બુદ્ધિ આપે એટલે થયું. મારા પ્રારબ્ધની

ગતિ ક્યાં સુધી છે એ હવે મને દેખાય છે. " પરંતુ આ વેળા તેણીને અતિશય રડવું આવ્યું. આવી હાલતમાંજ મોટા સંકટથી રડતી રડતી બોલી " જે તેને માટે આટલું સાહસ કરવાને હું નિકળી છું. તેને એક વખતે મારી ભરપુર આંખે જોઇ હોત તો આ જીવડો—"તેણીનાથી આગળ બોલાયું નહિ. અને તે નિચે પડેછે એવું જોતાંજ તે પુરૂષે એકદમ આગળ થઇને તેણીને પકડી રાખી. તેણીના અંગને સ્પર્શ થયાનો ભાસ થતાંજ તે અતિશયજ કંપાયમાન થઈને તેણી પરસેવાથી ગરકાવ થઇ ગઇ; અને પછી તે બેશુદ્ધ થઇને પડી.

થોડા વખત પછી ગોદાવરીને પોતાની

માનો મોહો અને મધુર અવાજ કાને પડ્યા જેવું થયું. તેવીજ તે આંખો ઉઘાડીને જુએછે, તો એક સુંદર દિવાનખાનામાં પલંગપર સુતી છે, અને શરીરપર પોતાની માનો હાથ રહીને તે મોટી કાળજીથી તેણીના મુખ તરફ જુએછે; તેમજ પલંગની બાજુએ તેણીનો બાપ મગનલાલ અને તેની પાસે તેની નાંની બેન ચંચળ ઉભીછે; એવું તેણીએ અને મગનલાલની બાજુએ થોડે છેટે પોતાનો પતિ ભોળાનાથ અતિ ઉત્સુકતાથી પોતાની તરફ જુએછે, એ જોઇને તો તેણીને ઘણુંજ અજાયબ લાગ્યું. આ આટલો આનંદ ઓચિંતો નજરે પડ્યાથી ગોદાવરીને સ્વપ્નાજેવું લાગ્યું એમાં

અજાયબ થવાનું શું છે? પરંતુ થોડાજ વખતમાં આંખ્યો આગલ દેખાનારી સઘળી વાતો ખરી છે એવી તેણીની ખાત્રી થઇ. ગોદાવરીનો આ વખતનો આનંદ સઘળી રીતે ભરપુર હતો. જે જે કાંઇ આ દુનિયામાં પ્રિય હતું તે સઘળું તેણીની પાસે આ વખતે ઉભું હતું. હવે મનમાં જે કાંઇ હેતુ રહ્યો હતો તે એટલોજ કે, આ સઘળો ચમત્કાર કેવી રીતે ઘડી આવ્યો તે જાણવું. પરંતુ આ સુખદાયક કામ તેણીના પતિના ભાગમાં રાખ્યું હતું.

ગોદાવરી સારીપેઠે સાવધ થઇ એવું જોઇને, જમવાની તૈયારી થઇ હતી ત્યાં

સઘળાં ગયાં. ચંચળને પોતાની બેન ઘણા દિવસે મળી તેથી જે કાંઇ આનંદ થયો તે તેણીના એકસરખું બોલવાના સંપાટાપરથી ખુલ્લું જણાઇ આવતું હતું; અને આ બોલવાથી તેણીએ ગોદાવરીને પોતાની માની ખબર અંતરે પુછવાને ફુરસદ આવી નહિ.

પછી ભોળાનાથ અને તેની પત્નીની એકાંતમાં મુલાકાત થઇ. તે વખતે તેણીને મોટા પ્રેમથી આલિંગન આપીને તે બોલ્યો, "મારી વાહલી, તારા સદ્‌-ગુણથી અને સુસ્વભાવથી આજ મારો પુનરજન્મ થયોછે એમ સમજ. મારા આગળના સઘળાં કૃત્યોની મને આજ

શરમ લાગેછે, તથાપિ તે સઘળી નિર્લજ્જપણાથી તારી પાસે કહુંછું. મેં દુષ્ટ બુદ્ધિથી તારો આજ સુધી કેટલો છળ કર્યો, એ તારા નિષ્કપટી નિર્મળ સ્વભાવથી તને સમજાયું નહિ. આજ આપણું લગ્ન થયે આટલા મહિના થયા, તથાપિ મેં તને અદ્યાપિ મારી ખરી સ્થિતિ જણાવી નહોતી; મારૂં પહેલું લગ્ન થયું હતું એટલું માત્ર કહ્યું હતું. પરંતુ તેથી આજ સુધી કેટલાં દુઃખો ભોગવવાં પડયાંછે, એ તને પુરેપુરૂં સમજાયું નહિ હોય. તે તો પોતાનું દુર્વર્તનનું ફળ ભોગવવાને યમલોકે ગઇ, પરંતુ તેણીના સ્મરણથી એવી કાંઇ મારા મનની દુષ્ટ સ્થિતિ થઈ હતી કે,

સઘળીજ સ્ત્રીઓ તેણીની માફક દુર્ગુણ અને દુરાચરણથી ભરપુર હશે, એવી મારી સમજ થઇ ગઇ હતી. તને જ્યારે પેલા મહાદેવના દેવળમાં પ્રથમજ જોઇ, ત્યારે માત્ર મારૂં અંતઃકરણ ચમત્કારિક રીતે બદલાઇ ગયું. પછી તારા જેવું નિર્મળ રત્ન જો કે હાથ લાગ્યું, તથાપિ તેને પણ કસોટીએ લગાડયા વગર મનમાંની દુષ્ટ બુદ્ધિ સ્થિર થાયજ નહિ; અને મારી વહાલી, તેથીજ તને આટલો છળ સહન કરવો પડયો. લગ્ન થવાની આગમજ સઘળું ધન ગયું અને ચોરી થઇ વગેરે મેં જે કહ્યું તે સઘળું ખોટું હતું. આ જો, સઘળી સંપત્તિ આ જગ્યાએ લાવી મુકીછે અને મારો વિશ્વાસુ

સોબતી ચુનીલાલને અહિયા કામકાજની સઘળી વ્યવસ્થા કહીને જાણી જોઇને ગરીબવસ્થામાં તારી સાથે લગ્ન કરીને કેટલાંક મહિના ગુજાર્યા. તને આવી વિપત્તીમાં રાખી હતી છતાં તું મારી તરફ જોઇને સંતોષમાં રહેતી. એનું કારણ હું સમજી ન શકવાથી તારા વિષે મારા દુષ્ટ બુદ્ધિને નહિ તેજ શંકા મનમાં આવી. તારો અધિક છળ કરવાનું મેં માથે લીધું, અને એજ કારણને માટે પરદેશ જવાનું બહાનું કહાડયું. ખરૂં જોતાં હું ગામમાંથી કયાં ગયો નહોતો. આ જગ્યોએ રહિને હમેશાં સાંજરે તું અગાસીપર આવી બેસતી, ત્યારે તારી તરફ જોતો બેસતો હતો. એ ગુપ્તવી

રીતે જોવાથી મારા મનની ખાત્રી થતી ચાલી, અને તને હવે પાછો શું મ્હોંડુ લેઇને મળું, એ ચિંતાથી મારૂં મન ઉદાસ થયું. એવામાંજ તારા મા બાપની યાદ આવી, અને મારાં સઘળાં અપરાધની માફી પેહેલાં તેમની પાસે માગીને પછી તને મોં દેખાડવું એવો મેં વિચાર કર્યો. પછી તેમની સઘળી અડચણો દુર કરવાની તજવીજ કરીને તેમને તરતજ આંહિઆ આવવા માટે અમદાવાદ કાગળ લખ્યો, તે પ્રમાણે તેઓ સઘળાં કાલજ આંહિઆ આવ્યાં. આંહિયા જે જગ્યોથી તને હું સાંજરે જોતો હતો ત્યાંથીજ ઇસારો કરીને ફસાવીને હું તને આંહિઆ લેઇ આવ્યો, અને તેમાં પણ તને છેવટ

સુધી છળ સહન કરવું પડયું ”! આ સઘળી વાતો સાંભળીને ગોદાવરીનું અંત:કરણ ભરાઇ આવ્યું. તેણીએ પોતાના પતિના હૃદયપર માથું મુકયું. અને તેણીની આંખમાંથી આંસુ ગળવાં લાગ્યાં. આ અધિક પ્રીતિનું ચીન્હ જોઇને તેના સુજ્ઞપતીએ મનથી આનંદ માન્યો, અને આ તેના આનંદનો ફરી ફરી ભંગ થયો નહિં,

મગનલાલનું અમદાવાદમાં હવે કાંઇ રહ્યું નહોતું, અને એક વખત જ્યાં વિપરીત વાત બની ત્યાં પાછું જવું પણ તેના મનથી બરોબર લાગ્યું નહિ. તેથી તેણે ભરૂચમાંજ રહેવાનો ઠરાવ

કર્યો. ત્યાં તેમણે જમાદારના સહાયથી વેપાર શરૂ કર્યો, અને તેમા તેમનું પ્રમાણિકપણું અને ઉદ્યોગથી તેમને સારો ફાયદો થતો ચાલ્યો. પછી થોડાં દિવસમાં તેઓએ ભોળાનાથના કરજમાંથી ત થવાની તજવીજ કરી. અને થોડાં પછી ચંચળનું લગ્ન પણ ગંગા- હેતું પ્રમાણે મોટા સંમારંભથી થયું. આ પ્રમાણે મગનલાલના કુટુંબમાં ના માણસો નો ઉત્તમ આચરણથી તેમને છેવટે સુખના દિવસ નજરે પડયા.

સમાપ્ત..

